# ‘શ્રી મુનિસુવ્રતજિન વંદનાવલિ’

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

‘ श्री मुनिसुव्रतजिन वंदनावलि ’

સંકલન

પ.પૂ. મુનિશ્રી વિમલકીર્તિવિજયજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ' श्री मुनिसुव्रतजिन वंदनावलि '

પ્રકાશક : પ.પૂ.આ.શ્રી વિજયનન્દનસૂરિ સ્મારક ટ્રસ્ટ,
શ્રી નન્દનવન તીર્થ, તગડી-અમદાવાદ.

મુલ્ય : અમુલ્ય

મુદ્રક : 'સચીન એન્ટરપ્રાઈઝ', અમદાવાદ.
ફોન : ૦૭૯-૭૪૯૭૦૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પ.પૂ. શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ.પૂ. સિદ્ધાંત વાચસ્પતિ આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ.પૂ. વાત્સલ્યનિધિ સંઘનાયક આ.શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજનું સમાધિ સ્થળ શ્રી નન્દનવન તીર્થ-તગડીમાં પ.પૂ. શાસન સમ્રાટ આ.શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરિજી અને પૂ.આ.શ્રીવિજયનંદનસૂરિજી મ.સા.ના અંતેવાસી પ.પૂ.આ.શ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ.પૂ. પ્રવચન પ્રભાવક આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના પટ્ટધર પ.પૂ. વિદ્વદ્વર્ય આ. શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી ખંભાત નિવાસી (હાલ મુંબઇ) શ્રી સુંદરલાલ દલપતભાઇ ઝવેરી પરિવાર તરફથી શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવવામાં આવ્યું અને તેના પ્રેરક પૂજ્ય આચાર્ય ભગવંતોની જ શુભ નિશ્રામાં વિ.સં. ૨૦૫૫, ફાગણ સુદ-૫ તા. ૨૦-૨-૯૯ને શનિવારે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ નૂતન તીર્થ અમદાવાદ-પાલીતાણાના ધોરીમાર્ગ ઉપર અમદાવાદથી ફક્ત ૧૧૫ કિ.મી. દૂર છે. એક વર્ષમાં ઘણા બધા ભાવિકોએ આ તીર્થની યાત્રા કરી છે. અને આગામી વર્ષોમાં હજારો યાત્રાળુઓ આ તીર્થની યાત્રાનો પવિત્ર લાભ લેશે. એ સૌને માટે આ તીર્થના મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના વિવિધ સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવન-થોય-સંસ્કૃત-પ્રાકૃત સ્તોત્રો વગેરેનો એક અપૂર્વ સંગ્રહ પ.પૂ.આ.શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ., પ.પૂ.આ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી તેઓશ્રીના વિનેય શિષ્યરત્ન પ.પૂ. મુનિશ્રી વિમલકીર્તિવિજયજી મહારાજે અથાગ પરિશ્રમ કરી વિવિધ ગ્રંથો માંથી કર્યો છે. તેને અમે એક જ ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ. તેનું સંપાદન કાર્ય પણ તેઓએ જ કરી આપ્યું છે.

આ ગ્રંથ પ્રકાશનમાં શ્રી નવરંગપુરા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ-અમદાવાદ તથા શ્રી બોરસદ વિશા શ્રીમાળી તપગચ્છ જૈન સંઘ- બોરસદ, શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ- કારેલીબાગ (વડોદરા) વગેરે તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, તેથી તેઓનો તથા આ ગ્રંથનું સુંદર-સુઘડ મુદ્રણ કાર્ય કરી આપનાર ભાઇશ્રી આનંદ 'સચીન એન્ટરપ્રાઇઝ' અમદાવાદ નો અમો હાર્દિક આભાર માનીએ છીએ.

આ ગ્રંથ શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ભક્તિમાં સહાયક બનો એ જ શુભેચ્છા.

પ.પૂ.આ.શ્રી વિજયનન્દનસૂરિ સ્મારક ટ્રસ્ટ
તગડી-અમદાવાદ

વિ.સંવત. ૨૦૫૬ ફાગણસુદ ૫ શુક્રવાર
૧૦, માર્ચ ૨૦૦૦
શ્રી નન્દનવન તીર્થ
તગડી-૩૮૨ ૨૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




નંદનવન તીર્થ (તગડી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


૧. દેરાસરમાં પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ............૧થી ૩
૨. પ્રાચીન ચૈત્યવંદનો.................................. ૪ થી ૯
૩. શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનના સવૈયા................. ૯
૪. પ્રાચીન સ્તવનો
હીરસાગરજી કૃત.................................. ૧૦
મોહનવિજયજી કૃત................................. ૧૦
જ્ઞાનવિમલસૂરિ કૃત................................ ૧૧
જ્ઞાનવિમલસૂરિ કૃત................................ ૧૨
જ્ઞાનવિમલસૂરિ કૃત................................ ૧૩
જ્ઞાનવિમલસૂરિ કૃત................................ ૧૩
વિનયવિજયજી કૃત................................ ૧૪
રામવિજયજી કૃત.................................. ૧૫
ન્યાયસાગરજી કૃત................................. ૧૬
ન્યાયસાગરજી કૃત................................. ૧૬
માનવિજયજી કૃત.................................. ૧૭
જિનવિજયજી કૃત.................................. ૧૮
જિનવિજયજી કૃત.................................. ૧૯
દેવચંદ્રજી કૃત..................................... ૨૦
આનંદઘનજી કૃત.................................. ૨૧
પદ્મવિજયજી કૃત.................................. ૨૨
પદ્મવિજયજી કૃત.................................. ૨૩
વિજયલક્ષ્મીસૂરિ કૃત............................... ૨૪
ભાણવિજયજી કૃત................................. ૨૫
નયવિજયજી કૃત.................................. ૨૬
લક્ષ્મીવિમલજી કૃત................................ ૨૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પ્રમોદસાગરજી કૃત ............................ | ૨૮ |
| વિનીતવિજયજી કૃત ............................ | ૨૯ |
| ચતુરવિજયજી કૃત ............................ | ૨૯ |
| રામવિજયજી કૃત ............................ | ૩૦ |
| અમૃતવિજયજી કૃત ............................ | ૩૧ |
| હરખચંદજી કૃત ............................ | ૩૧ |
| ગુણવિલાસજી કૃત ............................ | ૩૨ |
| ભાવવિજયજી કૃત ............................ | ૩૨ |
| આણંદવર્ધનજી કૃત ............................ | ૩૨ |
| ઉદયરત્નજી કૃત ............................ | ૩૩ |
| જિનરાજસૂરિજી કૃત ............................ | ૩૩ |
| આત્મારામજી કૃત ............................ | ૩૪ |
| ખુશાલમુનિ કૃત ............................ | ૩૫ |
| ઉદયરત્નજી કૃત ............................ | ૩૫ |
| માણિક્યસિંહસૂરિ કૃત ............................ | ૩૬ |
| માણેકમુનિ કૃત ............................ | ૩૭ |
| ઉદયરત્નજી કૃત ............................ | ૩૮ |
| યશોવિજયજી કૃત ............................ | ૩૯ |
| યશોવિજયજી કૃત ............................ | ૩૯ |
| યશોવિજયજી કૃત ............................ | ૪૦ |
| ભાણચંદ્રજી કૃત ............................ | ૪૦ |
| કીર્તિવિમલજી કૃત ............................ | ૪૧ |
| દાનવિમલજી કૃત ............................ | ૪૨ |
| જ્ઞાનસારજી કૃત ............................ | ૪૩ |
| જ્ઞાનસારજી કૃત ............................ | ૪૩ |
| જિનલાભસૂરિજી કૃત ............................ | ૪૪ |
| જિનલાભસૂરિજી કૃત ............................ | ૪૫ |
| સમયસુંદરજી કૃત ............................ | ૪૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભસાગરજી કૃત ........ ૪૬
કાંતિવિજયજી કૃત ........ ૪૭
હંસરત્નજી કૃત ........ ૪૭
જીવણવિજયજી કૃત ........ ૪૯
મેઘવિજયજી કૃત ........ ૫૦
કેશરવિજયજી કૃત ........ ૫૦
કનકવિજયજી કૃત ........ ૫૧
રૂચિરવિમલજી કૃત ........ ૫૨
ભાવપ્રભસૂરિ કૃત ........ ૫૩
રતનવિજયજી કૃત ........ ૫૩
દીપવિજયજી કૃત ........ ૫૪
ધર્મકીર્તિગણિ કૃત ........ ૫૫
જશવિજયજી કૃત ........ ૫૬
જગજીવનજી કૃત ........ ૫૭
જિનહર્ષજી કૃત ........ ૫૭
સમયસુંદર કૃત ........ ૫૮
મુક્તિવિમલજી કૃત ........ ૬૦
દાનવિજયજી કૃત ........ ૬૧
માણિક્યસિંહસૂરિ કૃત ........ ૬૧
વીરવિજયજી કૃત ........ ૬૨
તત્ત્વવિજયજી કૃત ........ ૬૨
પાર્શ્વચન્દ્રસૂરિ કૃત ........ ૬૩
પદ્મવિજયજી કૃત ........ ૬૬
દેવ ચંદ્રજી કૃત સ્તવન ........ ૬૬
ભદ્રસેન સૂરિ કૃત સ્તવન ........ ૬૬

૫. **થોયો**

જ્ઞાનવિમલસૂરિ કૃત ........ ૬૮
પદ્મવિજયજી કૃત ........ ૬૮
નંદસૂરિ કૃત ........ ૬૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. થોયના થોટા

મેઘવિજયજી રચિત ........................................ ૭૦
ક્ષેમકુશલમુનિ રચિત ........................................ ૭૧
કીર્તિવિમલવિજયજી રચિત ........................................ ૭૧
વિજયદાનસૂરિ રચિત ........................................ ૭૨
કલ્યાણસાગરસૂરિ રચિત ........................................ ૭૩
વીરવિજયજી કૃત ........................................ ૭૩

૭. સંસ્કૃત - સ્તુતિ / સ્તવન / સ્તોત્ર

श्रीमुनिसुव्रतजिनस्तुतय ........................................ ૭૪
श्रीमुनिसुंदरसूरिप्रणीता स्तुतिः ........................................ ૭૫
श्रीकमलविजय रचिता स्तुतिः ........................................ ૭૫
महोपाध्यायश्रीहेमहंसगणिवि रचिता स्तुतिः ........................................ ૭૫
पंडितश्रीजिनविजयवि रचिता स्तुतिः ........................................ ૭૬
महोपाध्यायश्रीहेमहंसगणिवि रचिता स्तुतिः ........................................ ૭૬
पुण्यरत्नसूरिवि रचिता स्तुतिः ........................................ ૭૬
श्रीधर्मघोषसूरि प्रणीता स्तुतिः ........................................ ૭૬
श्रीचारित्ररत्नगणि प्रणीता स्तुतिः ........................................ ૭૬
श्रीगुणसौभाग्यमुनीश्वर प्रणीता स्तुतिः ........................................ ૭૬
श्रीसोमप्रभेशसूरि कृता स्तुतिः ........................................ ૭૬
श्रीजयकेसरसूरिविरचितो देवदुन्दुभिवर्णनात्मकः स्तवः ........................................ ૭૭
श्री मुनिसुव्रतजिनस्तवनम् ........................................ ૭૯
कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचितः स्तवः ........................................ ૭૯
कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचितः स्तवः ........................................ ૮૦
कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचिता स्तुतिः ........................................ ૮૦
अज्ञातकर्तृक स्तोत्रम् ........................................ ૮૧
शीलरत्नसूरि कृता स्तुतिः ........................................ ૮૧
श्रीसोमविमलसूरिवि रचिता स्तुतिः ........................................ ૮૧
श्रीजिनप्रभसूरि कृता स्तुतिः ........................................ ૮૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीमुनिशेखरसूरिवि रचिता स्तुतिः ............................ ८२
श्रीचारित्ररत्नगणि कृता स्तुतिः ............................ ८२
सहस्त्रावधानिश्रीमुनिसुन्दरसूरि प्रणीता स्तुतिः .................. ८२
श्रीजिनमण्डनगणि कृता स्तुतिः ............................ ८२
श्रीजिनप्रभसूरिप्रणीतः स्तवः ............................ ८२
श्रीजिनप्रभसूरिविरचितः स्तवः ............................ ८३
श्रीदेवरत्नसूरिकृतः स्तवः ............................ ८३
श्रीधर्मशेखरगणिकृतः स्तवः ............................ ८३
श्रीगुणविजयगणिविरचितः स्तव ............................ ८३
श्रीकुलप्रभकविविरचितः स्तवः ............................ ८३
कविश्रीपालविरचितं स्तवनम् ............................ ८३
श्रीजिनपतिसूरिप्रणीतं स्तवनम्............................ ८४
श्रीजिनेश्वरसूरिप्रणीतं स्तवनम् ............................ ८४
श्रीसोमसुन्दरसूरि स्तवनम् ............................ ८४
श्रीजिनप्रभसूरिकृतं स्तोत्रम् ............................ ८४
श्रीजिनसुन्दरसूरि कृत स्तोत्रम् ............................ ८४
श्रीरत्नशेखरसूरिविरचितं स्तोत्रम् ............................ ८४
श्रीदेवनन्दिप्रणीतं स्तोत्रम् ............................ ८५
मुनिसुव्रतजिनचैत्यवंदनम् ............................ ८५
श्रीशोभनमुनिवर्यविरचिताः स्तुतयः............................ ८५
श्रीमद्यशोविजयोपाध्यायविरचिता स्तुतयः............................ ८६
श्रीबप्पभट्टिसूरिवर्यविरचिताः स्तुतयः ............................ ८७
पण्डितवर्यश्रीमेरुविजयगणिगुम्फिताः स्तुतयः ............................ ८७
पण्डितश्रीहेमविजयगणिप्रणीताः स्तुतयः ............................ ८८
श्रीमुनिसुव्रतजिनस्तुतयः............................ ८८
पण्डितविनयहंसगणिविरचितं स्तोत्रम् ............................ ८९
सहस्रावधानिश्रीमुनिसुन्दरसूरिविरचितं स्तोत्रम् ............................ ८९
श्रीमुनिसुव्रतजिनस्तवनम्............................ ९०
श्रीरामचन्द्रसूरिकृतः श्रीमुनिसुव्रतदेवस्तवः............................ ९५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीहेमविजयमुनिविरचितं मुनिसुव्रतजिनस्तवनम् ............. ९९

૮. પ્રાકૃત વિભાગ

मुणिसुव्वयजिणथुई ........................................ ९९

श्रीधर्मनिधानकृता मुनिसुव्रतजिनस्तुतिः ........................ ९९

श्रीकुशलवर्द्धनप्रणीता स्तुतिः .................................... १००

अज्ञातकर्तृक ................................................ १००

धर्मघोषसूरिकृतं श्रीमुनिसुव्रत ९ भवस्तोत्रम् .................... १००

૯. શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના ૧૨૩ બોલ .......... ૧૦૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દેરાસરમાં પ્રભુ સન્મુખ બોલવાની ભાવવાહી સ્તુતિઓ

અજ્ઞાનાંધકૃતિ વિનાશ કરવા, જે સૂર્ય જેવા કહ્યાં,
જેણે અષ્ટ પ્રકારનાં કઠિન જે, કર્મો બધાં તે દહ્યાં;
જેની આત્મસ્વભાવમાં રમણતા, જે મુક્તિદાતા સદા,
એવા શ્રી મુનિસુવ્રતેશ નમીએ, જેથી ટળે આપદા. ॥૧॥

દયા લાવી અશ્વે, સુરસહિત આવ્યા ભૃગુપુરે,
ઉગાર્યો આવીને, પ્રવર ઉપદેશે પ્રભુ તમે ;
હઠાવી કર્મોને, પરમપદ પામ્યા જગધણી,
મને અર્પો સેવા, મુનિસુવ્રતદેવા ! ચરણની. ॥૨॥

જે દષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીયે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે,
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે. ॥૩॥

જે પ્રભુના અવતારથી અવનિમાં, શાંતિ બધે વ્યાપતી,
જે પ્રભુની સુપ્રસન્ન ને અમીભરી, દષ્ટિ દુઃખો કાપતી;
જે પ્રભુએ ભરયૌવને વ્રત ગ્રહી, ત્યાગી બધી અંગના,
તે તારક જિનદેવના ચરણમાં, હોજો સદા વંદના. ॥૪॥

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગતબંધુ ચિત્તમાં, ધાર્યા નહીં ભક્તિપણે;
જનમ્યો પ્રભુ તે કારણે, દુઃખપાત્ર હું સંસારમાં,
હા ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં. ॥૫॥

શું કર્મ કેરો દોષ આ, અથવા શું મારો દોષ છે,
શું ભવ્યતા નથી માહરી, હત કાળનો શું દોષ છે;
અથવા શું મારી ભક્તિનિશ્ચલ, આત્મમાં પ્રગટી નથી,
જેથી પરમપદ માંગતા પણ, દાસને દેતાં નથી. ॥૬॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે દેવ ! તારા દિલમાં, વાત્સલ્યના ઝરણાં ભર્યાં,
હે નાથ ! તારા નયનમાં, કરૂણાતણા અમૃત ભર્યાં;
વીતરાગ તારી મીઠી મીઠી, વાણીમાં જાદુ ભર્યાં,
તેથી જ તારા ચરણમાં, બાલક બની આવી ચડયાં. ॥૭॥
કયારે ? પ્રભો ! નિજ દ્વાર ઉભો, બાલને નિહાળશો,
નીતનીત માંગે ભીખ ગુણની, એક ગુણ કબ આપશો;
શ્રદ્ધા દીપકની જ્યોત ઝાંખી, જ્વલંત ક્યારે બનાવશો,
સુનાં સુનાં મુજ જીવનગૃહમાં, આપ ક્યારે પધારશો. ॥૮॥
મુક્તિ કેરા વિમલ ઘરમાં, આપ દૂરે વસો છો,
તો એ વહાલા મુજ મન સદા, પ્રેમ રૂપે રહો છો;
જો કે દૂરે રવિ કમલથી, તો એ આનંદ આપે,
તેવી રીતે મુજ મન વને, તેજ તારું પ્રકાશે. ॥૯॥
કયારે ? પ્રભો ! સંસાર કારણ, સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની, મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો!, નિરપેક્ષ વૃત્તિ થઈ સદા,
ત્યજીશ ઈચ્છા મુક્તિની પણ, સન્ત થઈને હું કદા. ॥૧૦॥
પ્રભુ ! દેવના પણ દેવ છો, વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધ ને આ વિશ્વત્રયના, છો તમે નાયક પણે;
એ કારણે આન્તર રિપુ, સમુદાયથી પીડિલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને, હાર્દના દુઃખો કહું. ॥૧૧॥
ક્યારે પ્રભો ! નિજ દેહમાં પણ, આત્મબુદ્ધિને તજી,
શ્રધ્ધાજળે શુદ્ધિ કરેલ, વિવેકને ચિત્તે સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની, ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે, કયારે પ્રભો ! આનંદથી. ॥૧૨॥
ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતા જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ॥૧૩॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાદા તારી મુખમુદ્રાને, અમિય નજરે નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો. ।।૧૪।।

અંતરના એક કોડિયામાં, દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને, નિશદિન જલતો રાખો;
ઉંચે ઉંચે ઉડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખું નાથ નિરંજન ! એવી આપો આંખો. ।।૧૫।।

હે નાથ ! આ સંસારસાગરે, ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને, જહાજરૂપે છો તમે;
શિવરમણીના શુભ સંગથી, અભિરામ એવા હે પ્રભો !,
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ, છો તમે નિત્યે વિભુ. ।।૧૬।।

આત્મા તણા આનંદમાં, મશગૂલ રહેવા ઈચ્છતો,
સંસારના દુઃખ દર્દથી, ઝટ છૂટવાને ઈચ્છતો;
આપો અનુપમ આશરો, હે દીનબંધુ દેવ છો,
શરણે આવ્યો આપના, તારો પ્રભુ ! તારો મને. ।।૧૭।।

મેં પ્રભુ ! તુજ પાલવ પકડ્યો, હવે કદી ના છોડું,
તારા દરશન કરવા કાજે, નિત્ય સવારે દોડું;
દરશન દરશન રટતો પ્રભુજી ! આવ્યો તારે દ્વારે,
મહેર કરી મુજ દરશન આપો, એજ તમન્ના મારે, ।।૧૮।।

પથ્થર જેવું હૈયું મારું, કોમળ ફૂલ બનાવજો,
સૂના સૂના મનમંદિરીયે, સ્વસ્તિકો રચાવજો;
તુમ વિહોણું જીવન બને ના, એવા સૂર રેલાવજો,
ઝંખુ છું હું જે જનમ જનમથી, મનના દીપ જલાવજો ।।૧૯।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનના પ્રાચીન ચૈત્યવંદનો

## પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ૧

રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ સમીર; ૨

ત્રીશ હજાર વરસ તણું એ, પાલી આયુ ઉદાર;
'પદ્મવિજય' કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ૩

## જ્ઞાનવિમલસૂરિ કૃત ચૈત્યવંદન

અપરાજિતથી આવિયા, શ્રાવણ શુદિ પૂનમ;
આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ. ૧

ફાગણ શુદી બારસે વ્રત, વદિ બારસે જ્ઞાન;
ફાગણની તિમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ. ૨

વર્ણ શ્યામ ગુણ ઉજ્જવલા એ, તિહુયણ કરે પ્રકાશ;
'જ્ઞાનવિમલ' જિનરાજના, સુર નર નાયક દાસ. ૩

## કવિ ઋષભદાસ કૃત ચૈત્યવંદન

મુનિસુવ્રત નમું સ્વામી, શિષ ત્રણ છત્ર સોહાવે;
ઈન્દ્રધ્વજ તિહાં સાર, પાય નવ કમળ કહાવે. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ વપ્ર તિહાં દેવ, હેમ મણિ રૂપા કેરા;
જિન પ્રતિમા તિહાં ચાર, ટાળે ભવભ્રમણ ઘણેરા. ૨

અશોકવૃક્ષ શિર ઉપરે, અમૃતવાણી મુખથી ઝરે;
'ઋષભ' કહે સુવ્રતસ્વામિની, ઈન્દ્ર ચન્દ્ર કીર્તિ કરે. ૩

## વીરવિજયજી કૃત ચૈત્યવંદન

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી રહેઠાણ;
વાનર યોનિ રાજતી, સુંદર ગણ ગીર્વાણ. ૧

શ્રવણ નક્ષત્રે જનમિયા, સુરવર જયજયકાર;
મકર શશિ છદ્મસ્થમાં, મૌન માસ અગિયાર. ૨

ચંપક હેઠે ચાંપિયા એ, જે ઘનઘાતી ચાર;
'વીર' વડો જગમાં પ્રભુ, શિવપદ એક હજાર. ૩

## નંદસૂરિજી કૃત ચૈત્યવંદન

બાર જોયણ બાર જોયણ નગર વિસ્તાર. ૧

રાજગૃહ રળિયામણું, સુમિત્ર રાય અરિ જીપે;
ધન દેવી પદમાવતી, જાસ નયણ મુખ ચંદ દીપે. ૨

મુનિસુવ્રત જિણે જાઈઓ, સામી કાજલ વાન;
લંછન કચ્છપ અતિ ભલો, ભાવે કરો ગુણગાન. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રૂપવિજયજી કૃત ચૈત્યવંદન

જપો નિરંતર સ્નેહશું, વીશમા જિનરાયા;
સુમિત્ર રાય પદ્‌માવતી સુતશું મુજ માયા. ૧

કચ્છપ લંછન ધનુષ વીશ, શ્યામ વર્ણી કાયા;
ત્રીશ સહસ વર આઉખું, હરિવંશ દીપાયા. ૨

મુનિસુવ્રત મહિમાનીલો એ, નગરી રાજગૃહી જાસ;
'રૂપવિજય' કહે સાહિબા, નામે લીલ વિલાસ. ૩

## રામવિજયજી કૃત ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમા, સેવ્યા સુખ લહિયે;
મુગતિ રમણીનો રમણ, તસ ધ્યાને રહિયે. ૧

કચ્છપ લંછન નિર્વિકલ્પ, નિર્મોહી અકોહી;
લંછન રહિત બિરાજમાન, શામલ જસ દેહી. ૨

એમ અનેક ગુણે ભર્યો એ, ભવ ભવ ભંજણહાર;
સુમતિ સહિત જિન સેવતાં, 'રામ' લહે જયકાર. ૩

## માનવિજયજી કૃત ચૈત્યવંદન

શ્રી મુનિસુવ્રત સુવ્રતો, નમીએ દુઃખ ગમીએ;
વમીએ પાપ મિથ્યાત્વને, શિવપુરમાં રમીએ. ૧

રાજગૃહી રાજા સુમિત્ર, પદ્‌મા તનુ જનમા;
વીશ ધનુષ તનુ કૃષ્ણવર્ણ, શિવ કમલા સદ્‌મા. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસ સહસ ત્રીશ આઉખું એ, લંછન કૂર્મ સુચંગ;
'માનવિજય' પ્રભુ પ્રણમતાં, નિત નિત નવ નવ રંગ. ૩

## મહોપાધ્યાય શ્રી ક્ષમાકલ્યાણવિજયજી કૃત ચૈત્યવંદન

શ્રી હરિવંશ સુમિત્ર રાય, પદ્મા તનુ જાત;
શ્રી મુનિસુવ્રત કૃષ્ણવર્ણ, ત્રિ જગતિ વિખ્યાત. ૧

કચ્છપ લાંછન ધનુષ વીશ, તનુ ઉન્નત સોહે;
આયુ તીસ હજાર વર્ષ, ભવિ જન મોહે. ૨

છઠ ભત્ત સંજમ લિયો એ, રાજગૃહી પુર નામ;
નિજ અઢાર ગણધર સહિત, આપો શિવપુર સ્વામ. ૩

તીસ સહસ મુનિ જાસુ, સીસ પચાસ સહસ;
સાધ્વી શ્રાવક એક લાખ, બાવત્તર સહસ. ૪

તીન લાખ પચાસ સહસ, શ્રાવકણી સાર;
નરદત્તા સુરી વરૂણ યક્ષ, નિત સાનિધકાર. ૫

એક સહસ મુનિ સાથસું એ, માસખમણ તપ જાણ;
પ્રભુ સીધા સમેતગિરિ, કરો સંઘ કલ્યાણ. ૬

## જ્ઞાનવિમલસૂરિ કૃત નવભવનું ચૈત્યવંદન

પહેલે ભવ શ્રીકિતુ રાય, પહેલે સ્વર્ગે જાય;
ત્રીજે ભવ થયો રાજવી, કુબેરદત્ત મહારાય. ૧

સનત્કુમાર દેવલોકમાં, ચોથો ભવ સોહે;
વજ્ર કુંડલ નૃપ પાંચમે, છઠ્ઠે બ્રહ્મલોક મોહે. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકર પદ સાધતો, શ્રીવર્મા ઋષિરાજ;
આઠમે ભવ અપરાજિતે, અહં ઈન્દ્ર મહારાજ. ૩

નવમે ભવે રાજગૃહી, મુનિ સુવ્રત મન ભાવે;
એ જિન આરાધન થકી, 'જ્ઞાનવિમલ' પદ પાવે. ૪

## ગણી ગૌતમ કૃત ચૈત્યવંદન

વીશમા જિનેસરને સ્મરું, સંતાપ તાપ દૂરે કરે,
તુજ આણ દિલમાં જે ધરે, તે સિદ્ધિ સુખ સહેજે લહે;
ઈચ્છા વિના પણ પ્રાણીઓ, સંસારના સુખને લહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે. ૧

એક રાતમાં પણ સાઠ યોજન, ચાલીયા ઉગારવા,
યજ્ઞમાંહે હોમ કરવા, જે લીધો છે મારવા;
તે પૂર્વભવના મિત્ર કેરી, કરૂણા દિલમાં વહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે. ૨

ઘોડલો પણ દેવ થાતાં, કરે મંદિર જિન તણું;
અશ્વાવબોધ તીર્થ મહિમા, 'ગણી ગૌતમ' કરે ઘણું;
સુદર્શના ઉધ્ધાર કરતી, સમળી વિહાર કહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે. ૩

## કીર્તિચન્દ્ર કૃત ચૈત્યવંદન

શ્રી જિનવર આરાધતાં, નાસે કર્મ વિકાર;
પાપ સંતાપ દૂરે ટળે, ઉતારે ભવ પાર. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગ જગ સહુ કહે, યોગ ક્ષેમ કરનાર;
એ અચરિજ મુજને વડું, લીલા અપરંપાર. ૨

મુનિસુવ્રત કીજે કૃપા, તું ગુણનો ભંડાર;
'કીર્તિચન્દ્ર' ઈમ વિનવે, તું તરીયો મુજ તાર. ૩

## શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનના સવૈયા

### સમયસુંદરજી કૃત સવૈયો

હરિહર બ્રહ્મા દેવ તણૈ રે, દેહરૈ ભૂલા કાય ભમૌ,
સમક્તિ સૂધો ધર મનમાંહે, મિથ્યા મારગ દૂર ગમૌ;
આઠ કર્મ બંધનથી છૂટૌ, અરિહંત દેવનૈ આય નમૌ,
'સમયસુંદર' કહે શ્રીમુનિસુવ્રત વાંદૌ તીર્થંકર વીસમૌ.

### રાજ વિરચિત સવૈયો

(બાવીસા)

કાહેકું કોટિ કિલેસ સહો તનિ દૂરિ દેસંતરિ જાવહુ રે,
સાધિકે મંત્ર આરાધિકે દેવકું રાતિ અખંડ જગાવહુ રે;
કાહેકું સિદ્ધિ રસાયન ઢુંઢત ધાત અગન્નિ ધમાવહુ રે,
ચાહત હૌ રસ 'રાજ' કી પ્રાપતિ તૌ મુનિસુવ્રત ધ્યાવહુ રે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનના પ્રાચીન સ્તવનો

### હીરસાગરજી કૃત સ્તવન
### (આવો આવો રે સ્વામીજી - એ દેશી)

શ્રી મુનિસુવ્રત સ્વામીજી, મયા કરો જગધણી રે;
ઓલગડી માનો દાસની કાંઈ, નજર કરોં મોં ભણી રે શ્રી૦ ॥૧॥

હું છું કિંકર સ્વામી તુમારો, દાસને દીજે દીલાસો રે;
સેવક નયણ નિહાલીને હું, ખિણ ન તજું તુમ પાસો રે શ્રી૦ ॥૨॥

રાંક હાથે જે રતન આવ્યું, કિમ મેલું મહારાજો રે;
કામકુંભ ચિંતામણી સુરતરુ, ફલિયો મુઝઘર આજો રે શ્રી૦ ॥૩॥

અશ્વ ઉપરિ જિમ દયા કીધી, ભરુઅચ્ચ નયર મઝાર રે;
અનુચરને નિજ લહરઈ, કરી ઉતારો ભવપાર રે શ્રી૦ ॥૪॥

આજ મહોદય માહરો મુઝ, મળીયા ત્રિભુવન સ્વામી રે;
શ્રી જિનચંદ્ર સુખસાગરુ, 'હીર' નમેં શિરનામી રે શ્રી૦ ॥૫॥

### મોહનવિજયજી કૃત સ્તવન
### (હો પીઉ પંખીડા - એ દેશી)

હો પ્રભુ મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને આળાલુંબન તાહરો રે લો;
હો પ્રભુ મુજ પ્યારા ભક્તિવત્સલ ભગવંત જો,
આય વસો મનમંદિર સાહિબ માહરો રે લો. ૧

હો પ્રભુ મુજ પ્યારા ખીણ ન વીસારું તુજ જો,
તંબોલીના પત્રતણી પરે ફેરતો રે લો;
હો પ્રભુ મુજ પ્યારા લાગી મુને માયા જોર જો,
દિણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લો. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો પ્રભુ મુજ પ્યારા તું નિસનેહી જિનરાય જો,
એકપખી પ્રીતલડી કીણ પરે રાખીએ રે લો;
હો પ્રભુ મુજ પ્યારા અંતરગતિની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કેહને દાખીએ રે લો. ૩

હો પ્રભુ મુજ પ્યારા અલખ રૂપ થઈ આપ જો,
જાય વસ્યો શિવમંદિરમાંહે તું જઈ રે લો;
હો પ્રભુ મુજ પ્યારા લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિધ્ધાંત ગતિને સાહિબ તુમ લહી રે લો. ૪

હો પ્રભુ મુજ પ્યારા જગજીવન જિનરાય જો,
મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લો;
હો પ્રભુ મુજ પ્યારા પય પ્રણમી જિનરાય જો,
ભવભવ શરણું સાહિબ સ્વામી તાહરું રે લો. ૫

હો પ્રભુ મુજ પ્યારા રાખશું હૃદય મઝાર જો,
આપો શામળીયા દ્યો પદવી તાહરી રે લો;
હો પ્રભુ મુજ પ્યારા રૂપવિજયનો શિષ જો,
'મોહનને' મન લાગી માયા તાહરી રે લો. ૬

## જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તવન
## (રાગ-આજ નહેજો - એ દેશી)

શ્રી મુનિસુવ્રત જિન વીશમા, વિશમીઆ મનમાંહિજી;
કોઈક શુભ મુહુરતે આવી વસ્યા, વીશ વસા ઉચ્છાહિંજી.
શ્રી મુનિસુવ્રત૦ ૧

અનુભવ જાગ્યો જ્ઞાનદશા તણો, પરપરિણતિ ગઈ દૂરજી;
વિષસમ વિષયતણાં ફળ જાણીયાં, શ્રદ્ધા પરિમલ પૂરજી.
શ્રી મુનિસુવ્રત૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈત્યાદિક ગુણ પ્રગટે પ્રભુ થકી, અવર ન આવે દાયજી;
ચંપકતરૂતલે જે રતિ પામ્યા, આઉલ તસ ન સુહાયજી.

શ્રી મુનિસુવ્રત૦ ૩

જે સુગુણશું મનડું વેધ્યું, તે ન કરે નિર્ગુણ સંગજી;
હંસા છીલર સર નવિ આદરે, છોડી ગંગ તરંગજી.

શ્રી મુનિસુવ્રત૦ ૪

જગ જણ સાથે પ્રીત કરે ઘણી, તે કોઈ નાવે દાયજી;
'જ્ઞાનવિમલ' પ્રભુ પામ્યાથી હોવે, સેવક વંછિત થાયજી.

શ્રી મુનિસુવ્રત૦ ૫

## જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તવન
## (તારી મૂરતિનું નહિ મૂલ્ય રે)

શ્રી જિનના ગુણ ગાઉં રે, પ્રભુજી જયકારી;
ચરણકમલને પાઉં રે, જાઉં બલિહારી. ।।આંકણી।।

શ્રી મુનિસુવ્રત જિનવર સુખકર, જગબંધવ જગવાહલા;
સુકૃતલતા નવપલ્લવ કરવા, તુજ આણા ઘનમાલા રે. પ્રભુજી૦ ૧

ઉપકારી શિર શેષ છે તુંહી, ગુણનો પાર ન લહીએ;
લોકોત્તર ગુણ લૌકિક નરથી, કુણ અતિશયથી કહીએ રે. પ્રભુજી૦ ૨

સમક્તિસુખડલી લઘુશિશુને, આપીને પ્રીતિ કરાવી;
કેવલરયણ દિયા વિણ સાહિબ, કિમ સરશે કહો સમજાવી રે. પ્રભુજી૦ ૩

કચ્છપલંછન વાને અંજનપણે, પાપપંક સવિ ટાળે;
અચરિજ એહ અદ્ભુત જગમાંહી, ધવલધ્યાન અજુઆળે રે. પ્રભુજી૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગપણે લોકતણાં મન, રંજે એ અધિકાઈ;
સુમિત્ર જાત તે યુગતું સહુશ્યું, રાખે જે મિત્રાઈ રે. પ્રભુજી૦ ૫

પદ્મમાનંદનના પદવંદન, કરતાં સુરનર કોડી;
કપૂર હીરતણે દેહરાસરે, ભવને ન કો તસ જોડી રે. પ્રભુજી૦ ૬

'જ્ઞાનવિમલ'ગુણની પ્રભુતાઈ, અધિક ઉદય દિલ ધારો;
દરિસનથી દર્શન કરી નિર્મળ, સફળ કરો જમવારો રે. પ્રભુજી૦ ૭

## જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તવન

મુનિસુવ્રત જિનવર વીશમા, ભરૂયછબંદર ગુણમણિમંદિર ;
ભવિજન ચિત્તે વિસમ્યા, મુનિસુવ્રત જિનવર વીશમા. ૧

જિનમુદ્રા જિનવરને સરિખી, અવર નહિ કોઈ ઉપમા ;
શામલવરણ શરણ ત્રિહું જગને, એહ સુભગતા મનોરમા. મુનિસુવ્રત૦ ૨

કુમતિ કુસંગતિ કુગ્રહબુદ્ધિ, જેણે તુમ્હ પદ નવિ નમ્યા ;
કાલ અનાદિ અનંત લગે તે, નરકનિગોદમાંહિ ભમ્યા. મુનિસુવ્રત૦ ૩

તે ધન્ય તે કૃતપુણ્ય ભવિકજન, જસ ચિત્તે પ્રભુગુણ રમ્યા ;
'જ્ઞાનવિમલ' ગુણ નવનિધિ સંપદા, જેણે દુશ્મન સવિ દમ્યા. મુનિસુવ્રત૦ ૪

## જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તવન
## (એ બાહુ અનાથી - દેશી)

પૂર્વ ભવિ સુપ્રતિષ્ઠપુરીનો, શિવકેતુ નામે રાય ;
સમક્તિ પામી સૌધર્મે સુર, વરપુરે કુબેરદત્ત થાય. ૧
સુગુણ નર વંદો શ્રી અરિહંત. ।।આંકણી।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સનતકુમારે સુર થઈ ચવિયા, નામ પુરવર તામા ;
વજકુંડલ નામે થયા રાજા, બંભ કલ્પે સુર ધામા. સુગુણ૦ ૨

ચંપા નયરીએ શ્રીવર્મરાજા, સંયમ ગ્રહે મુનિ પાસે ;
જિનપદ બાંધી અપરાજિત સુર, સુખ પામ્યા અતિ ખાસ. સુગુણ૦ ૩

રાજગ્રહીપતિ સુમિત્ર નરેસર, પદ્માવતીના નંદ ;
અંજનવની મુનિસુવ્રતા નામિ, વીશમા જિન સુખકંદ. સુગુણ૦ ૪

કચ્છપ લંછન વીશ ધનુ તનુ, હરિવંશ જિનભાણ ;
'જ્ઞાનવિમલ' કહે જિનસેવાથી, હોઈ કોડી કલ્યાણ. સુગુણ૦ ૫

## વિનયવિજયજી કૃત સ્તવન
## (મારગે વહે ઉતાવળો - એ દેશી)

મન મધુકર સુણ વાતડી, તજી અવર સંવાદ ;
જિનગુણ કુસુમ સવાદથી, ટળે સવિ વિખવાદ. મન૦ ૧

વિષય ધતૂરો મૂકીએ, તે માંહિ નથી ગંધ ;
નારી વિજયા પરિહરે, મ મ થાઈશ તું અંધ. મન૦ ૨

સોળ કસાય એ કેરડા, તેથી રહેજે દૂર ;
તે કંટક છે બાપડા, તુંને કરશે ચૂર. મન૦ ૩

વિસમો પણ તપ કેવડો, આદરી ગુણ જાણ ;
જે પરિણામે રૂઅડો, તેહની મ કરીશ કાણ. મન૦ ૪

મુનિસુવ્રત પદ પંકજે, જો તું પૂરે વાસ ;
'વિનય' ભણે તો તાહરી, પહોંચે સઘળી આસ. મન૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રામવિજયજી કૃત સ્તવન
## (હરની હમચી રે - એ દેશી)

આવો આવોની સખી દહેરે જઈએ,
પ્રભુ દરિશણ કરીને નિરમલ થઈએ ;
ગાવો ગાવો રે હરખ અપાર, જિનગુણ ગરબો રે,
તુમે પહેરો સોળ શિણગાર, જિનગુણ ગરબો રે,
મારે લાખેણી એ વાર, જિનગુણ ગરબો રે,
દોહિલો માનવ અવતાર, જિનગુણ ગરબો રે. ૧

પદ્મા દેવીનો નંદન નીકો છે,
પ્રભુ રાય સુમિત્ર કુળ ટીકો છે ;
નમો નમો રે એહ જ નાથ, જિનગુણ ગરબો રે,
ફોકટ શી કરવી વાત, જિનગુણ ગરબો રે,
કૂડી લાગે છે નેહની લાત, જિનગુણ ગરબો રે. ૨

કચ્છપ લંછન પ્રભુ પાય છે,
જિન વીશ ધનુષની કાય છે ;
ત્રીશ સહસ વરસનું આય, જિનગુણ ગરબો રે,
મારે હઈડે હરખ ન માય, જિનગુણ ગરબો રે,
એહની સેવાથી સુખ થાય, જિનગુણ ગરબો રે,
મારાં દુઃખડા દૂરે જાય, જિનગુણ ગરબો રે. ૩

પ્રભુ શ્યામ વરણ વિરાજે છે,
મુખડું દેખી વિધુ લાજે છે ;
એહને મોહી હરિની નાર, જિનગુણ ગરબો રે,
તે કરે લુંછણડાં સાર, જિનગુણ ગરબો રે,
પ્રભુ નયણ તણે મટકાર, જિનગુણ ગરબો રે,
તેહથી લાગ્યો પ્રેમ અપાર, જિનગુણ ગરબો રે. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ હૃદય કમળનો વાસી છે,
શિવરમણી જેહની દાસી છે;
હું તેહ તણો છું દાસ, જિનગુણ ગરબો રે,
મારી પૂરે મનડાની આશ, જિનગુણ ગરબો રે,
પ્રભુ અવિચળ લીલ વિલાસ, જિનગુણ ગરબો રે,
'રામવિજય' કહે ઉલ્લાસ, જિનગુણ ગરબો રે, ૫

## ન્યાયસાગરજી કૃત સ્તવન
## (જિનમુખ દેખન જાઉં રે પ્રભુકો જનમ ભયો હે - એ દેશી)

દિલ ભરી દરિશન પાઉં રે, પ્રભુકો રૂપ બન્યો હે. દિલ૦
પદ્માનંદન હરિકૃત વંદન, ચરન કમલ બલિ જાઉં રે. પ્રભુ૦ ૧
નીલકમલદલ કોમલ વાને, સેવનમેં ચિત લાઉં રે. પ્રભુ૦ ૨
ચુની ચુની કલીયાં ચંપકકી, હાથસેં માલ બનાઉં રે. પ્રભુ૦ ૩
શ્રીમુનિસુવ્રત સુવ્રત સેવી, નાથ સમાન કહાઉં રે. પ્રભુ૦ ૪
'ન્યાયસાગર' પ્રભુ સુવ્રત સેવા, નિયત ફળે દિલ ભાઉં રે. પ્રભુ૦ ૫

## ન્યાયસાગરજી કૃત સ્તવન
## (દેશી - ફાગની)

મુનિસુવ્રત જિન વીશમા, વિસમિયા મનમાંહિ ;
જિમ નંદનવન સુરતરૂ, સુરતરૂ સમ જસ બાંહિ. ૧

કચ્છપ લંછન જાણીયેં, ચરણોન્નત ગુણહાર ;
પામીઓ ધામીઓ સેવે, પાયકમળ મનોહાર. ૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયું ઘન મોર ચકોર, શશી ચકવા દિનકાર ;
પાવસ પંથી ગેહા, કુલવંતી ભરતાર. ૩

મધુકર માલતી પંકજ, ગજ રેવા જિમ પ્રીતિ ;
ગૌરી ગિરીશ હરિ કમળા, કમળા સુત રતિ પ્રીતિ. ૪

ચાતક મેહા નેહી, એ સઘળા ઉપચાર ;
પ્રેમ તણા એ ઉપમ નહીં, તિમ અંતર ચાર. ૫

પણ પ્રભુશું એક તાન જે, જ્ઞાની લહે નિરધાર ;
એક સરૂપે ધ્યાઈયેં, પાઈયેં તો નિરધાર. ૬

પદ્માનંદન વંદન, કીજેં થઈ સાવધાન ;
સુમિત્ર નરેસર વંશે, મુક્તાફળ ઉપમાન. ૭

તુ મુજ શંકર કિંકર, હું તુમચો નિશદીશ ;
'ન્યાયસાગર' પ્રભુ ધ્યાને, પામે અધિક જગીશ. ૮

## માનવિજયજી કૃત સ્તવન
## (ઈડર આંબા આંબલી રે - એ દેશી)

મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહિ ધરી મહિર;
મહિર વિહુણા માનવી રે, કઠીન જણાયે કહિર.

જિણેસર તું જગનાયક દેવ, તુજ જગહિત કરવા ટેવ;
બીજા જુએ કરતા સેવ. જિણેસર૦ ૧

અરહટ્ટ ક્ષેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય;
ધારાધર સઘળી ધરા રે, ઉધરવા સજ્જ જોય. જિણેસર૦ ૨

તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર ;
આપે આયા આફણી રે, બોધવા ભરૂયચ શહેર. જિણેસર૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણ પ્રારથતા ઉધર્યા રે, આપે કરીય ઉપાય;
પ્રારથતા રહે વિનવતા રે, એ કુણ કહીયે ન્યાય. જિણેસર૦ ૪
સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી સેવક ભાવ;
'માન' કહે હવે મહિરનો રે, ન રહ્યો અજર પ્રસ્તાવ. જિણેસર૦ ૫

## જિનવિજયજી કૃત સ્તવન
## (જોરાવર હાડા - એ દેશી)

મુનિસુવ્રત જિન દેવ રે, જગજીવન સ્વામી ;
ત્રિભુવન અભિરામ, પ્રણમું શિરનામી,
મેં પુણ્યે પામી, મીઠડી લાગે રે, સેવા તાહરી રે. ૧

સહસ અધિક વલી આઠ રે, લક્ષણ અવિરોહે, કરપદ માંહે સોહે ;
ભવિયણ મન મોહે, ગુણસંતતિ રોહે, મીઠડી મૂરતિ તાહરી રે. ૨

ઈંદ ચંદ રવિ મેરૂ રે, ગુણ લેઈ ઘડીઓ, અવગુણ નવિ અડીઓ ;
ગુણઠાણે ચડીઓ, સ્ત્રી પાશ ન પડીઓ, નિરૂપમ અંગ અનંગ હરાવતા રે. ૩

ભૂમિકા કાગદ ઠામ રે, લેખણ વનરાઈ, જલનિધિ જલ શાહી ;
સુરગુરૂ ચિત્ત લાઈ, તુમ ગુણ ન લિખાઈ, અલખ નિરંજન પ્રભુજી તું જ્યો રે. ૪

જાણે કેવળી સંત રે, ગુણ ગણી ન શકાયે, યોગીશર ધ્યાયેં ;
તન મન લય લાયે, પરમાનંદ પદ પાયેં, અગમ અરૂપ અનંત ગુણે ભર્યો રે. ૫

જગપાવન તુમ નામ રે, મુજ મનમાં આવો, એકાંગી ઠાવો ;
શુભ ધ્યાન બનાવો, સમક્તિ દીપાવો, મુગતિનું મોટું કારણ એ સહી રે. ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષમાવિજય ગુરૂ શિષ રે, સેવક 'જિન' આગે, કરજોડી માંગે ;
લળીલળી પાયેલાગે, અનુભવરસ જાગે, ભવ ભવ ચરણ શરણ મુજને હજ્યોરે.
૭

❁

## જિનવિજયજી કૃત સ્તવન

જય જય મુનિસુવ્રત જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીશ;
વારે ઘાતી સુડતાલીશ, જેહથી પ્રગટે રે ગુણ એકત્રીશ રે. મુણિંદા
તુજ દેશના સુખ ખાણી, સુખ ખાણી રે મેં જાણી રે. મુણિંદા
જેહથી લાજે સાકર પાણી રે, મુણિંદા એ તો ધર્મરાય પટરાણી રે.
મુણિંદા ૧

એહનાં અંગ ઉપાંગ અનૂપ, એહનું મુખડું મંગળરૂપ;
એ તો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાં રે, એહનાં પગલાં પ્રણમે ભૂપ રે.
મુણિંદા ૨

એ તો એક અનેક સ્વભાવ, એ તો ભાસે ભાવ વિભાવ;
એ તો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગી રે, એ તો ભંગી સપ્ત બનાય રે.
મુણિંદા ૩

એ તો નયગર્ભિત અવદાત, એહનો તીર્થંકર પદ તાત;
એ ચઉ પુરૂષારથની માત, એહનાં સઘલાં રે, એહનાં સઘલાં અર્થ છે જાત રે.
મુણિંદા ૪

એહનો ત્રિહું જગમાં ઉદ્યોત, જીપે રવિ શશિ દીપક જ્યોત;
બીજા વાદી શ્રુત ખદ્યોત, એ તો તારે રે, એ તો તારે જિમ જલ પોત રે.
મુણિંદા ૫

એહને ગણધર કરે શિણગાર, એહને સેવે સહુ અણગાર;
એહ તો ધુરથી સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદી રે, એ તો ત્રિપદીનો વિસ્તાર રે.
મુણિંદા ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહથી જાતિનાં વૈર સમાય, બેસે વાઘણ ભેળી ગાય;
આવે સુરદેવી સમુદાય, એહને ગાવે રે, એહને ગાવે પાપ પલાય રે.
મુણિંદા ૭

એહને વાંછે નર ને નાર, એહથી નાસે કામવિકાર;
એહથી ઘર ઘર મંગળ ચાર, એ તો મુનિ જિન રે, મુનિ 'જિન' પ્રાણ આધાર રે.
મુણિંદા ૮

## દેવચંદ્રજી કૃત સ્તવન
## (ઓલગડી ઓલગડી સુહેલી હો શ્રી શ્રેયાંસની રે - એ દેશી)

ઓલગડી ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રતસ્વામીની રે, જેહથી નિજ પદ સિદ્ધિ;
કેવલ કેવલજ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીએ સહજ સમૃદ્ધિ.
ઓલગડી૦ ૧

ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધીન;
પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ આધીન.
ઓલગડી૦ ૨

સાધ્ય સાધ્ય ધર્મ જેમાંહી હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ;
પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે, નવિ પ્રધ્વંસક દુષ્ટ.
ઓલગડી૦ ૫

દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે, નવિ ઘટતા તસુ માંહિ;
સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે, તિણે નહિ નિયત પ્રવાહ.
ઓલગડી૦ ૪

ષટ્કારક ષટ્કારક તે કારણ કાર્યના રે, જે કારણ સ્વાધીન;
તે કર્તા તે કર્તા સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન.
ઓલગડી૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કારણ સંકલ્પે કારક દશા રે, છતિ સત્તા સદ્‌ભાવ;
અથવા અથવા તુલ્ય ધર્મને જોયવે રે, સાધ્યારોપણ દાવ.
ઓલગડી૦ ૬

અતિશય અતિશય કારણ કારક કરણતા રે, નિમિત્ત અને ઉપાદાન;
સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન.
ઓલગડી૦ ૭

ભવન ભવન વ્યય વિણુ કારજ નવિ હુવે રે, જિમ દષેદે ન ઘટત્વ;
શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનું દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્ત્વ.
ઓલગડી૦ ૮

આતમ આતમ કર્તા કારજ સિદ્ધતા રે, તસુ સાધન જિનરાજ;
પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ રૂચિ ઉપજે રે, પ્રગટે આત્મ સમાજ
ઓલગડી૦ ૯

વંદન વંદન સેવન નમન વળી પૂજના રે, સ્મરણ સ્તવન વળી ધ્યાન;
'દેવચંદ્ર દેવચંદ્ર' કીજે જિનરાજની રે, પ્રગટે પૂર્ણ નિધાન.
ઓલગડી૦ ૧૦

❋

## આનંદઘનજી કૃત સ્તવન
## (રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય - એ દેશી)

મુનિસુવ્રત જિનરાય એક મુજ વિનતિ નિસુણો.
આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરૂ, એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો.
મુનિસુવ્રત૦ ૧

કોઈ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઈમ પૂછ્યું ચિત્ત રીસે. મુનિસુવ્રત૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મનિસુવ્રત૦ ૩

એક કહે નિત્ય જ આતમતત્ત્વ, આતમ દરિસણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીનો. મુનિસુવ્રત૦ ૪

સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુનિસુવ્રત૦ ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત્વ, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે. મનિસુવ્રત૦ ૬

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુનિસુવ્રત૦ ૭

વલતું જગગુરૂ ઈણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુનિસુવ્રત૦ ૮

આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઈણમેં નાવેં;
વાગ્જાલ બીજા સહું જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુનિસુવ્રત૦ ૯

જિણે વિવેક ધરિ એ પખ ગ્રહિયે, તે તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રીમુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહિયે. મુનિસુવ્રત૦ ૧૦

❄

## પદ્મવિજયજી કૃત સ્તવન
## (આઘા આમ પધારો પૂજ્ય! અમ ઘર વહોરણ વેહલા -એ દેશી)

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક સન્મુખ દેખો;
ચોપન લાખ વરસનું અંતર, મલ્લિ જિણંદથી પરખો.
ભવિજન ભાવ ધરીને એહ, અતિ આદર કરી પૂજો. ભવિજન૦ ૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવણ સુદિ પૂનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ;
વીશ ધનુષની દેહ વિરાજે, રૂપ તણી હુયે હદિ. ભવિજન૦ ૨

ફાગુણ સુદિ બારસ દિન દીક્ષા, શામળ વરણો સોહે;
ફાગુણ વદિ બારસ દિન પ્રભુજી, ક્ષપકશ્રેણિ આરોહે. ભવિજન૦ ૩

લહી જ્ઞાન ને દીધી દેશના, ભવિજનને ઉપગારે;
ત્રીશ હજાર વરસ ભોગવીઉં, આયુ શુદ્ધ પ્રકારે. ભવિજન૦ ૪

જેઠ વદિ નવમીયે વરીયા, જિન ઉત્તમ વર સિદ્ધિ;
'પદ્મવિજય' કહે પરગટ કીધી, આપ અનંતી રિદ્ધિ. ભવિજન૦ ૫

*

## પદ્મવિજયજી કૃત સ્તવન
## (સાબરમતીએ આવેલાં ભરપૂર જો, ચારે ને કાંઠે રે માતા રમી વળ્યાં રે - એ દેશી)

પદ્માનંદન વંદન કરીએ નિત્ય જો,
સ્યાદ્વાદ શૈલી જસ અભિધા સૂચવે રે;
લોકાલોકને જાણે તિણે મુનિ હોય જો,
એ ગુણથી મુજ મનમાં હઠથી રૂચવે રે. ૧

મત્યાદિક ચઉ નાણ અભાવથી જાસ જો,
કેવલજ્ઞાન તે સૂર્ય ઉગ્યો જેહને રે;
કટ વિવરે કરી સૂરજ કિરણે પ્રકાશ જો,
મેઘાંતરથી આવ્યો જન કહે તેહને રે. ૨

વાતાયન પરમુખનો કહે ઈણિ પરકાશ જો,
પણ સૂરજનો નવિ કહે ઈણિ પરે જાણીયે રે;
કેવલજ્ઞાન પ્રકાશે ક્ષયોપશમ નામ જો,
મત્યાદિકથી ભવિજન મનમાં આણીયે રે. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતાયન પરમુખ કીધા સવિ દૂર જો,
તવ કહેવાય સૂરજનો પરકાશ છે રે;
તિમ આવરણ ગયાથી ઈમ કહેવાય જો,
કેવલજ્ઞાને ત્રણ ભુવન આભાસ છે રે. ૪

અથવા સૂરજ ઊગે પણ નવિ જાય જો,
ગ્રહણ તારા પણ પરવર્ત્તન તસ નથી રે;
તિણી પરે સત્તા મત્યાદિકની જાણ જો,
પણ પરવર્ત્તન નહિ તસ કેવલજ્ઞાનથી રે. ૫

ઉત્તમ વ્રત પાળ્યાથી સુવ્રત નામ જો,
જ્ઞાનક્રિયાથી ઈમ નામે જેહને પામીયે રે;
જ્ઞાનક્રિયાથી મોક્ષ હોય નિરધાર જો,
તે સાધી શિવ પામ્યા તુમ્હ શિરનામીયે રે. ૬

જ્ઞાનમાંહિ દર્શન તે અંતરભૂત જો,
સાધનરૂપ ટળીને સાધ્યપણે થઈ રે;
રત્નત્રયી જિનવર ઉત્તમ ને નિત્ય જો,
'પદ્મવિજય' કહે ભજતાં આપદ સવિ ગઈ રે. ૭

*

## વિજયલક્ષ્મીસૂરિ કૃત સ્તવન
## (અજિત જિણંદશું પ્રીતડી - એ દેશી)

શ્રીમુનિસુવ્રત જિન ગુણનીલો, ચરણાદિક હો અનંત ગુણકંદ કે;
કેવળી પણ એક સમયના, ગુણ જાણે હો નહિ કહેવા અમંદ કે.
શ્રી૦ ૧

વચન અગોચર ગુણ થકી, ભાંગે અનંત હો હોવે ખલુ વાચ્ય કે;
શ્રુતધર કેવળી સારિખા, તેહમાં પણ હો કાંઈક કહેવાય કે.
શ્રી૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભુવન જીવ ગણવા વિષે, સપ્રયાસી હો વર્તે સમકાળ કે;
અનંતભાવે પણ ક્ષણિકના, કહેવા અસમર્થ હો ગુણ દીનદયાલ કે
શ્રી૦ ૩

અસંખ્ય પ્રદેશ આતમ તણા, તેહમાં પણ હો કોઈક પ્રદેશ કે;
અસ્તિ નાસ્તિ નિત્યાદિકે, ધર્મ પર્યવ હો ગુણ અનંત આવેશ કે.
શ્રી૦ ૪

સંખ્યાતીત નિજ દેશમાં, ગુણ અનંતતા હો સમાણિ કેમ કે;
લોક પ્રદેશ અસંખ્ય વિષે, દ્રવ્ય પર્યવ હો સમાયે જેમ કે.
શ્રી૦ ૫

જિમ વ્યક્તિપણે ગુણ તાહરે, તિમ શક્તિથી હો મ્હારે છે નાથ કે;
ઉપાદાન સમરે સહી, શુભ હેતુથી હો પ્રગટે નિજ આથ કે.
શ્રી૦ ૬

લોહ મીટિ પારસ ફરસથી, અબોધતા હો તિમ મનની જાય કે;
'સૌભાગ્યલક્ષ્મીસૂરિ' ગુણનિધિ, અવલંબતા હો તન્મય પદ થાય કે.
શ્રી૦ ૭

※

## ભાણવિજયજી કૃત સ્તવન
### (હાં રે મારા ધર્મ જિણંદસ્યું લાગી પૂરણ પ્રીત જો - એ દેશી)

હાં રે મુજ પ્રાણાધાર તું મુનિસુવ્રત જિનરાય જો,
મળીઓ હેજે હળીઓ પ્રીત પ્રસંગથી રે લો;
હાં રે મુજ સુંદર લાગી માયા તાહરી જોર જો,
અલગો રે ન રહું હું પ્રભુ તુજ સંગથી રે લો. ૧

હાં રે માનુ અમીય કચોલાં હેજાળાં તુમ નેન જો,
મનોહર રે હસિત વદન પ્રભુ તાહરૂં રે લો;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાં રે કોઈની નહિ તીન ભુવનમાં તુમ સમ મૂરતિ જો,
એહવી સુરતી દેખી ઉલસ્યું મન માહરું રે લો. ૨

હાં રે પ્રભુ અંતર પડદો ખોલી કીજે વાત જો,
હેજ હીઆથી આણી મુજને બોલાવીએ રે લો;
હાં રે પ્રભુ નયણ સલુણે સન્મુખ જોઈ એકવાર જો,
સેવકના ચિત્તમાંહિ આણંદ ઉપજાવીએ રે લો. ૩

હાં રે પ્રભુ કરૂણાસાગર દીનદયાળ કૃપાળ જો,
મહેર ધરી મુજ ઉપર પ્રીત ધરી હીયે રે લો;
હાં રે પ્રભુ નિજ બાલક પરે મુજ લેખવજો જિણંદ જો,
પ્રીત સુરંગી અવિહડ મુજ શું નિવાહીએ રે લો. ૪

હાં રે પ્રભુ બાંહ ગ્રહ્યાની લાજ છે તુજને સ્વામી જો,
ચરણ સેવા મુજને દેજો હેતે હસી રે લો;
હાં રે પ્રભુ પંડિત પ્રેમવિજયનો કવિ એમ 'ભાણ'જો,
પભણે રે જિન મૂરતિ મુજ દિલમાં વસી રે લો. ૫

❋

## નયવિજયજી કૃત સ્તવન
## (દેશી-મોતીડાની)

સાહિબ શ્રીમુનિસુવ્રત સ્વામી, કરૂં વિનતિ ચરણે શિરનામી;
સાહિબ વિનતિ અવધારો, જીવન તુજ દરિશણ પ્યારો.
મોહના મનમોહનગારો. સા૦ ૧

કરૂણાનિધિ કરૂણા અવધારો, દુસ્તર એ ભવસાયર તારો. સા૦ ૨

સેવક કોડિ ગમે તુજ જોઈ, કિંકર હું પણ ગણવો તોઈ. સા૦ ૩

ભક્ત વત્સલ જો બિરૂદ ધરીજે, તો મુજ મનવંછિત સુખ દીજે. સા૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો પણ હું ન વિશુદ્ધાચરણે, તો પણ હું આવ્યો તુમ શરણે. સા૦ ૫
ગુણ અવગુણ મુજ કેમ વિચારો, પતિત પાવન બિરૂદ સંભાળો. સા૦ ૬
જો પણ હું બહુ અવગુણ ભરિઓ, તો પણ મેં પ્રભુજી અનુસરિઓ. સા૦ ૭
અવગુણ પણ ગુણ કરીને લીજે, અંગીકૃત નિરવાહ કરીજે. સા૦ ૮
ઘણી શી વિનતિ સ્વામી કીજે, 'નયવિજય' કહે બોધિબીજ દીજે. સા૦ ૯

## લક્ષ્મીવિમલજી કૃત સ્તવન
## (કાસંભીની - દેશી)

જીવનો જીવન માહરો, મનનો મોહન મારો ;
ભવનો રોધન માહરો સાહિબો, પ્રભુ! માહરા તીન ભુવન શણગાર હો.
તુમ દરસણ લહયા વિના, પ્રભુ ! માહરા ભમીયો બહુ સંસાર હો.
જીવ૦ મન૦ ભવ૦ ૧

ચતુર્દશ રજ્જુ પૂરો કર્યો, પ્રભુ! આતમ ફરસી જાણ હો ;
આદિ નિગોદ માંહિ વસ્યો, પ્રભુ ! કાળ અનંત પ્રમાણ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૨

ગોળા અસંખ્યાતે ભર્યો, પ્રભુ ! પૂરણ લોકાકાશ હો;
ગોળા અસંખ્ય નિગોદથી, પ્રભુ ! તિહાં જીવ અનંતા વાસ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૩

સાસોસાસનું મૂકવું, પ્રભુ ! જનમ મરણ સમકાળ હો;
આપ સ્વરૂપ જાણ્યું નહિ, પ્રભુ ! અનુભવી જડતા જાળ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૪

બાદર નિગોદમાંહિ સહ્યો, પ્રભુ ! છેદન ભેદન તાપ હો;
પુઢવી આઉ તેઉમાં, પ્રભુ ! વાયુ વનસ્પતિ લાપ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિ - તિ ચઉરિંદિમા રહ્યો, પ્રભુ ! સંખ્યાતો મહાકાળ હો;
તિર્યંચના ભવ મેં કિયા, પ્રભુ ! દ્વીપ પંચાવન ચાળ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૬

સાતે નરકે હું ભમ્યો, પ્રભુ ! દીર્ઘકાળ અચરાળ હો;
દુર્ભગદેવની જાતિમાં, પ્રભુ ! દુઃખ સહ્યાં વિશાળ હો,
જીવ૦ મન૦ ભવ૦ ૭

મુનિસુવ્રત કૃપા થકી, પ્રભુ ! ભાગ્યો સબ વિખવાદ હો;
'કીર્તિવિમલ' ગુરૂની ગ્રહી, પ્રભુ ! શિવલચ્છી કરું સાદ હો.
જીવ૦ મન૦ ભવ૦ ૮

*

## પ્રમોદસાગરજી કૃત સ્તવન

વીશમો જિનવર સુકૃતકારી, મનમથ વૈરી માન નિવારી;
મોહના મુનિસુવ્રત સ્વામી, જીવના મુનિસુવ્રત સ્વામી. મોહના૦ ૧
કજ્જલ વાને દેહી દીપે, નિરૂપમ રૂપે ત્રિભુવન જીપે. મોહના૦ ૨
કચ્છપ લંછન પદકજ ભાસે, વીશ ધનુષ તનુ ધર્મ પ્રકાશે. મોહના૦ ૩
જીવિત વરસ ત્રીશ હજાર, ગણધર સોહે જાસ અઢાર. મોહના૦ ૪
વીશ સહસ મુનિવર પ્રભુ પાસ, સાહુણી કહી સહસ પચાસ. મોહના૦ ૫
રાજગૃહી નગરીનો રાજા, સુમિત્ર નરપતિ કુળ દિવાજા. મોહના૦ ૬
પદ્માવતી દેવી તનુ જાત, હરિવંશમાં જનમ વિખ્યાત. મોહના૦ ૭
વરૂણ સુર નરદત્તા દેવી, આણ અધિકે શાસન સેવી. મોહના૦ ૮
'પ્રમોદસાગર' પ્રભુ ચરણે લાગે, વીશ વસાનું સમક્તિ માગે. મોહના૦ ૯

◆


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિનીતવિજયજી કૃત સ્તવન
## (કંત તમાકુ પરિહરો - એ દેશી)

શ્રી મુનિસુવ્રત સાહિબો, સેવો દિલ એકંત; મોરા લાલ.
વીશમો જિન મન વીસમ્યો, એ સમ અવર ન સંત. મો૦ શ્રી૦ ૧

પદ્માવતી ઉર ઉપન્યો, પુત્ર રયણ પરગટ્ટ; મોરા લાલ.
વિદ્યાધર સુરપતિ સવે, માને મહીપતિ ઘટ્ટ. મો૦ શ્રી૦ ૨

રાય સુમિત્ર કુળ સાયરે, ઊગ્યો શારદ ચંદ; મોરા લાલ;
અતુલીબળ અવની જયો, મહિમા મેરૂ ગિરીંદ. મો૦ શ્રી૦ ૩

મનમાન્યાશું ગોઠડી, જો કરીયે કિરતાર; મોરા લાલ;
પાણી દૂધ પટંતરો, તો લહીએ એક વાર. મો૦ શ્રી૦ ૪

કચ્છપ લંછન જિનવરૂ, સામળીઓ સુકુમાળ; મોરા લાલ;
મેરૂવિજય ગુરૂ શિષ્યને, દીજે મંગળમાળ. મો૦ શ્રી૦ ૫

❖

## ચતુરવિજયજી કૃત સ્તવન
## (કોઈ લો પરવત ધૂંધલો રે - એ દેશી)

ચઉમુખ દેતા દેશના રે લાલ, ભવિક કમળ ઉદ્યોત રે; જિણંદરાય.
ઝળહળતો જબ ઉગીયો રે લાલ, અર્કપ્રભા સમ કંત રે.
જિણંદરાય. ૧

લક્ષણ અંગ વિરાજતા રે લાલ, અડહિય સહસ ઉદાર રે; જિણંદરાય.
અભ્યંતર ગુણ તાહરા રે લાલ, કેતા કહું અપાર રે.
જિણંદરાય. ૨

ભગતી ભલી પરે ઉધર્યો રે લાલ, સાહેબ સરલ સ્વભાવ રે; જિણંદરાય.
વિમલ કમલ દળ લોયણો રે લાલ, અતિશયથી હાવભાવ રે.
જિણંદરાય. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહી રળીયામણી રે લાલ, સુમિત્ર રાય કુલચંદ રે; જિણંદરાય.
મુનિસુવ્રત જિન સાહેબા રે લાલ, કચ્છપ લંછન સુખકંદ રે.
જિણંદરાય. ૪

વિનય અધિક જગમાં વડો રે લાલ, તો તસ હોવે આધીન રે; જિણંદરાય.
ત્રિહું જગ જગમાં વિસ્તરે રે લાલ, જસ 'ચતુર' સમીચીન રે.
જિણંદરાય. ૫

✡

## રામવિજયજી કૃત સ્તવન
## (ઘોડી તો આઈ થાંરા દેશ મેં મારૂજી - એ દેશી)

મુનિસુવ્રતશું મોહની સાહિબજી, લાગી મુજ મન જોર હો ;
શામલડી સૂરતી મનમોહિયો, સાહિબજી.

વ્હાલપણું પ્રભુથી સહિ, સાહિબજી. કલેજાની કોર હો, શામલડી૦ ૧

અમને પૂરણ પારખું, સાહિબજી. એ પ્રભુ અંગીકાર હો ; શામલડી૦

દેખી દિલ બદલે નહિ, સાહિબજી. અમચા દોષ હજાર હો. શામલડી૦ ૨

નિરગુણ પણ બાંહિ ગ્રહ્યા, સાહિબજી. ગિરૂઆ છેડે કેમ હો ; શામલડી૦

વિષધર કાળા કંઠમેં ; સાહિબજી. રાખે ઈશ્વર જેમ હો ; શામલડી૦ ૩

ગિરૂઆ સાથે ગોઠડી, સાહિબજી. જિમ તરૂવરનો ખેત હો. શામલડી૦

કરે ચંદન નિજ સરિખો, સાહિબજી. જિમ તરૂવરનો ખેત હો. શામલડી૦ ૪

જ્ઞાનદશા પરગટ થઈ, સાહિબજી. મુજ ઘટ મિલિયો ઈશ હો ; શામલડી૦

વિમલવિજય ઉવજ્ઝાયનો, સાહિબજી. 'રામ' કહે શુભ શિષ્ય હો. શામલડી૦ ૫

✡



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ભૃગુ કચ્છ (ભરૂચ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અમૃતવિજયજી કૃત સ્તવન
## (રાગ - પંજાબી)

જીઉનેકા ક્યા બિસાસા. જીઉ૦

યા તન ધન જોબન થિર નાહી વો, ચલદ સકાસા પાન ખરાસા. જીઉ૦ ૧

જ્યોં હોય સંધ્યા પંચ બરનકી, જ્યોં ચપલાકા રહે ઉજાસા. જીઉ૦ ૨

કાહે કું અબ લલચાહે પ્યારે વો, યા દુનિયાંકા દેખ તમાસા. જીઉ૦ ૩

પરમાનંદન દિલકા રંજન વો, સુવ્રત કે સંગ કર વિલાસા. જીઉ૦ ૪

કહે 'અમૃત' મેરે જીઉકે જીવન વો, નેક નજર કરો દિલાસા. જીઉ૦ ૫

✡

## હરખચંદજી કૃત સ્તવન
## (રાગ - નાયકી)

સુંદર મુખકી શોભા, નિત દેખબો કીજે;
મુનિસુવ્રતજીકો દરસન દેખત, દુરિત દુઃખ છીજે.
નિત૦ ૧

પિતા સુમિત્ર નગરી રાજગૃહી, પદ્માવતીકી બલિ લીજે;
વીસ ધનુષ તનુ કૂર્મ લંછન, હરિવંશ કુલ અવતાર લહીજે.
નિત૦ ૨

તીસ સહસ સંવત્સર આઉ, શ્યામ બરન દેખતહી છીજે;
વારૂ કોટિ કામકી સુરત, ઔર કહાકી ઓપમ દીજે ?
નિત૦ ૩

જબ દેખું તબ અતિ સુખ ઉપજે, બિન દેખે મેરો મન ન પતીજે ;
'હરખચંદ' કે પ્રભુકી મૂરત, દેખત નેન અમૃતરસ પીજે.
નિત૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણવિલાસજી કૃત સ્તવન

સુન મોરે સ્વામી અંતરજામી, જનમ જનમ તુજ દાસ કહાઉં. સુન૦ ૧

અન્ય દેવકી શરન ન કરી હો, તુમ ચરનકી સેવા ચિત ધરી હો ;
શ્રી મુનિસુવ્રત તુમ ગુન ગાઉં. સુન૦ ૨

'ગુનવિલાસ' નિહચે કરી માનો, સાચો સેવક અપનો જાનો ;
જો કહું સો વંછિત ફલ પાઉં. સુન૦ ૩

## ભાવવિજયજી કૃત સ્તવન
## (રાગ - દેવગંધાર મેંરે મન અઈસી આય બની - એ દેશી)

શ્રી મુનિસુવ્રતનાથ ગુણી,
શ્રી હરિવંશ મહેસર મસ્તક - મંડન રયણમણિ. શ્રી૦ ૧

ત્રિભુવન મિત્ર સુમિત્ર રાય સુત, કામિત દેવમણિ ;
પદ્મા રાણી પુત્ર તણા ગુણ, ગાવે સુર રમણી. શ્રી૦ ૨

વીસ ધનુષ માને જસ કાયા, નવ જલધર વરણી ;
કચ્છપ લંછન કચ્છપની પરે, ગોપિત કરણ ગુણી. શ્રી૦ ૩

રાજગૃહીનો રાજા રાજે, ગૌતમ ગોત્ર મણિ ;
ત્રીસ સહસ સંવત્સર જીવિત, ભવિક કમલ તરણિ. શ્રી૦ ૪

વરૂણ યક્ષ નરદત્તા દેવી, સેવે ભગતી ભણી ;
'ભાવ' કહે વીસમો જિનેસર, આપે લચ્છી ઘણી. શ્રી૦ ૫

## આણંદવર્ધનજી કૃત સ્તવન
## (રાગ : જેત્તસિરી - એ દેશી - પારધીયાની)

સુણ પંજર કે પંખીયા રે, કરી મીઠિ પરિણામ રે ; પંખીયડા.
તું હેં તોરે રંગકા રે, જપહું જિનેશ્વર નામ રે. પંખીયડા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરે જીઉકા સૂડા, નીકે રંગકા રૂડા, એ તો બોલો રે બોલો ;
પ્રભુકે પ્યારશું રે, ખેલો કરી એક તાર રે. પંખીયડા. ૧

ઉડત ફિરત અનાદિકા રે, ન મિટે ભૂખ ન પ્યાસ રે ;
ચાર દિનકા ખેલના રે, યા પંજરકે વાસ રે. પંખીયડા. ૨

ઈત ઉત ચંચ ન લાઈયેં રે, રહીયે સહજ સુભાય રે ;
મુનિસુવ્રત પ્રભુ ધ્યાઈયેં રે, 'આણંદ' શું ચિત્ત લાય રે. પંખીયડા. ૩

✣

## ઉદયરત્નજી કૃત સ્તવન

મુનિસુવ્રત મહારાજ માહરા, મનનો વાસી રે;
આશા દાસી કરીને થયો, તું ઉદાસી રે. મુનિસુવ્રત૦ ૧

મુગતિ વિલાસી તું અવિનાશી, ભવની ફાંસી રે;
ભજીને ભગવંત થયો તું, સહજ વિલાસી રે. મુનિસુવ્રત૦ ૨

ચૌદ રાજ પ્રમાણ લોકાલોક પ્રકાશી રે;
'ઉદયરત્ન' પ્રભુ અંતરજામી, જ્યોતિ વિકાસી રે. મુનિસુવ્રત૦ ૩

✦

## જિનરાજસૂરિજી કૃત સ્તવન

અધિકા તાહરા હુતા જે અપરાધી, તે પણ તેંહી જ તાર્યા;
અમ સરીખા સેવક અલવેસર, બેગુન્હે જ વીસાર્યા. ૧

આથ દીયેં બાથાં ભરી એકાં, અમરાપુર દ્યે એકાં;
મુજ વેળા મુહડો મચકોડી, બેઠો તારક તે કાં. આથ૦ ૨

સહુકોને જો રાખે સરીખા, પડે ન કો પસતાવે;
જગગુરૂહી જોવે બિહુ નજરે, તો બળીયો દુઃખ આવે. આથ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાર્યા કેતા કેતા તું તારીશ, તારે છે પણ તુંહી;
ઈણ વેળા જો તું અલસાણો, તો બેસી રહું તો હુંહી. આથ૦ ૪

ભોળા ભગત દીયે ઓલંભા, સાહેબ સહિતા આયા;
મુનિસુવ્રત 'જિનરાજ' મનાયાં, રાખી લીયે છત્ર છાયા. આથ૦ ૫

✧

## આત્મારામજી કૃત સ્તવન
## (પ્રેમલા પરણી - એ દેશી)

શ્રી મુનિસુવ્રત હરિકુલ ચંદા, દુરનય પંથ નિસાયો;
સ્યાદ્વાદ રસ ગર્ભિત બાની, તત્ત્વ સરૂપ જનાયો.
સુણ જ્ઞાની જિન બાની, રસ પીજો અતિ સન્માની. ૧

બંધ મોક્ષ એકાંતે માની, મોક્ષ જગત ઉછેદે;
ઉભય નયાત્મક ભેદ ગ્રહીને, તત્ત્વ પદારથ વેદે. સુણ૦ ૨

નિત્ય અનિત્ય એકાંત કહીને, અરથ ક્રિયા સબ નાસે;
ઉભય સ્વરૂપે વસ્તુ બિરાજે, સ્યાદ્વાદ ઈમ ભાસે. સુણ૦ ૩

કરતા ભુગતા બાહિજ દષ્ટે, એકાંતે નહી થાવે;
નિશ્ચય શુદ્ધ નયાતમ રૂપે, કુંણ કરતા ભુગતાવે. સુણ૦ ૪

રૂપ વિના ભયો રૂપ સરૂપી, એક નયાતમ સંગી;
તન વ્યાપી વિભુ એક અનેકા, આનંદઘન સુખ રંગી. સુણ૦ ૫

શુદ્ધ અશુદ્ધ નાશ અવિનાશી, નિરંજન નિરાકારો;
સ્યાદ્વાદ મત સગરો નીકો, દુરનય પંથ નિવારો. સુણ૦ ૬

સપ્તભંગી મત દાયક જિનજી, એક અનુગ્રહ કીજો;
'આતમ' રૂપ જિહો તુમ લાધો, સો સેવકકું દીજો. સુણ૦ ૭

★



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ખુશાલમુનિ કૃત સ્તવન
## (આસુનું રૂડું અજુઆલિયું રે - એ દેશી)

શ્રી મુનિસુવ્રત સ્વામીજી રે, મહેર કરો મહારાજ કે;
હું સેવક છું તાહરો, અહનિશ પ્રભુજીની ચાકરી રે,
કરવી એહ જ કાજ કે. હું૦ ૧

દુરલભ છે સંસારમાં રે, તુમ સરીખાનો સંગ કે; હું૦
વળી તિમ દરિસણ દેખવું રે, તે આળસુ આંગણે ગંગ કે. હું૦ ૨

સમય છતાં નહિ સેવશે રે, તે મૂરખ શિરદાર કે; હું૦
સહિ મનમેં પસતાયશે રે, સહશે દુઃખ અપાર કે. હું૦ ૩

સફલ થયો હવે માહરો રે, મનુષ્ય તણો અવતાર કે; હું૦
કલ્પતરુ સમ તાહરો રે, પામ્યો છું દીદાર કે. હું૦ ૪

કરમ ભરમ દૂરે ટળ્યો રે, જબ તું મિલિયો જિનરાજ કે; હું૦
અખયસૂરીશ કૃપા થકી રે, 'ખુશાલમુનિ' સુખ થાય કે. હું૦ ૫

☆

## ઉદયરત્નજી કૃત સ્તવન
## (રાગ - ભક્તિ હૃદયમાં ધારજો રે)

મુનિસુવ્રત મન મોહયું મારું, શરણ હવે છે તમારું;
પ્રાતઃ સમય હું જ્યારે જાગું, સ્મરણ કરું છું તુમારું હો જિનજી;
તુજ મૂરતિ મનહરણી, ભવસાયર જલતરણી હો જિનજી.
તુજ મૂરતિ૦ ૧

આપ ભરોશો આ જગમાં છે, તારો તો ઘણું સારું ;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો છે મેં તારો હો જિનજી.
તુજ મૂરતિ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચું ચું ચું ચું ચિડીયાં બોલે, ભજન કરે છે તુમારું ;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડયો રહે, નામ જપે નહિં તારું હો જિનજી.
તુજ મૂરતિ૦ ૩

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રૂવે ન્યારું;
સુખીઓ સુવે દુઃખીઓ રૂવે, અકલ ગતિએ વિચારું હો જિનજી.
તુજ મૂરતિ૦ ૪

ખેલ ખલકનો બધો નાટિકનો, કુટુંબ કબિલો હું ધારું;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારું હો જિનજી.
તુજ મૂરતિ૦ ૫

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારું ;
'ઉદયરત્ન' એમ જાણી પ્રભુ તારું, શરણ ગ્રહ્યું છે મેં સારું હો જિનજી.
તુજ મૂરતિ૦ ૬

☆

## માણિકયસિંહસૂરિ કૃત સ્તવન
## (મહેતાજી રે શું મહી મૂલ બતાવું - એ દેશી)

મુનિસુવ્રતજી રે વિનતડી અવધારો, પ્રભુ મુજ પાપીને તારો;
સાહિબજી રે સેવક હું છું તાહરો, નહિ દેવ અવર નમનારો.
મુજ અવગુણને ન વિચારો રે, હું ઘોર કર્મ કરનારો રે;
ઘણાં જીવ તણો હણનારો રે, ગુણઘાતી રે જૂઠ વચન બોલનારો.
પ્રભુ૦ ૧

જગત્રાતા રે ચોરીનો કરનારો, વલી શિયલનો ભંજનારો;
પરિગ્રહની રે મમતા ધરનારો, નિત રજનીએ જમનારો.
મદ મત્સરનો ભંડારો રે, કૂડી સાખ તણો ભરનારો રે;
જૂઠા આળતણો દેનારો રે, જિનરાયા રે પણ છે તુમ આધારો.
પ્રભુ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખદાતા રે તુમ સરિખો દાતારો, નહિ દીઠો જગ મોઝારો ;
કરૂણાકર રે કરૂણા દિલમાં ધારો, હવે ભવજલ પાર ઉતારો.
નથી તાર્યા વિના છૂટકારો રે, ગમે તેમ કરીને ઉગારો રે;
આપો જિન 'માણેક' સુખસારોરે, ઉપગારીરે ભૂલીશ નહિ ઉપગારો.
પ્રભુ૦ ૩

*

## માણેકમુનિ કૃત સ્તવન
## (ઢાલ-દેરાણી જેઠાણી વાદ વાદી આપણ કુણજર વીશા વાજે રે કવણ જીરીયા - એ દેશી)

મુનિસુવ્રત જિન નામ જપતાં, જનમ તણા ફલ લીજે રે; પ્રાણીડા !
પરઉપગારી પરહિતકારી રે, પરમ પુરુષ પ્રણમીજે રે.
પ્રાણીડા૦ ૧

પરમ પવિત્ર સુચરિત્રઈ, જેહને ત્રિભુવન પાવન કીજે રે; પ્રાણીડા !
રાય સુમિત્ર સુપુત્ર નમતાં, જગ જશ વાદ લહીજઈ રે;
પ્રાણીડા૦ ૨

કામિતપૂરણ કામગવી સમ, સુર સમુદાય સુણીજઈ રે; પ્રાણીડા !
વીશ ધનુષ માનઈ તનુ વાનઈ, મરકત મણિ હારીજઈ રે.
પ્રાણીડા૦ ૩

ત્રીશ સહસ સંવચ્છર સુંદર, જીવિત જાસ સુણીજઈ રે; પ્રાણીડા !.
કચ્છપ લંછન જેને જે નિર્લંછન, નિરમલ ધ્યાન ધરીજઈ રે.
પ્રાણીડા૦ ૪

અજરામર અક્ષય અવિનાશી, અકલ સરૂપ લખીજઈ રે; પ્રાણીડા !
'માણિક મુનિ' કહઈ પ્રભુ ગુણ માલા, હૃદય કમલ રાખીજઈ રે.
પ્રાણીડા૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉદયરત્નજી કૃત સ્તવન
## (દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ - એ દેશી)

મુનિસુવ્રત હો પ્રભુ મુનિસુવ્રત મહારાજ,
સુણજો હો પ્રભુ સુણજો સેવકની કથાજી;
ભવમાં હો પ્રભુ ભવમાં ભમીયો હું જેહ,
તુમને હો પ્રભુ તુમને તે કહું છું કથાજી. ૧.

નરકે હો પ્રભુ નરકે નોધારો દીન,
વસીયો હો પ્રભુ વસીયો તુમ આણા વિનાજી;
દીઠાં હો પ્રભુ દીઠાં દુઃખ અનંત,
વેઠી હો પ્રભુ વેઠી નાનાવિધ વેદનાજી. ૨

તિમ વલી હો પ્રભુ તિમ વલી તિર્યંચ માંહી,
જાલીમ હો પ્રભુ જાલીમ પીડા જે સહીજી ;
તુંહી જ હો પ્રભુ તુંહી જ જાણે તેહ,
કહેતાં હો પ્રભુ કહેતાં પાર પામું નહીજી. ૩

નરની હો પ્રભુ નરની જાતિમાં જેહ,
આપદા હો પ્રભુ આપદા કેમ જાયે કથીજી;
તુજ વિણ હો પ્રભુ તુજ વિણ જાણણહાર,
તેહનો હો પ્રભુ તેહનો ત્રિભુવન કો નથીજી. ૪

દેવની હો પ્રભુ દેવની ગતિ દુઃખ દીઠ,
તે પણ હો પ્રભુ તે પણ સમ્યક્ તું લહેજી ;
હોજો હો પ્રભુ હોજો તુમ શું નેહ,
ભવોભવ હો પ્રભુ ભવોભવ 'ઉદયરતન' કહેજી. ૫

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યશોવિજયજી કૃત સ્તવન
## (પાંડવ પાંચે વંદતા - એ દેશી)

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે ;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુઃખ જાય રે.
મારાં ભવભવનાં દુઃખ જાય, જગતગુરૂ જાગતો સુખકંદ રે,
સુખકંદ અમંદ આણંદ, પરમગુરૂ દીપતો સુખકંદ રે. જ૦ સુ૦ ૧

નિશદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર રે ;
જબ ઉપકાર સંભારીયે, તવ ઉપજે આનંદ પૂર રે. ત૦ જ૦ સુ૦ ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે ;
ગુણ ગણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે. તે૦ જ૦ સુ૦ ૩

અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે ;
અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાય અરૂપ રે. એ૦ જ૦ સુ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણાં, સજ્જનના તે ન લિખાય રે ;
'વાચક યશ' કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. પ૦ જ૦ સુ૦ ૫

*

## યશોવિજયજી કૃત સ્તવન
## (વીરમાતા પ્રીતિકરણી - એ દેશી)

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા ;
ભાંગી તે ભાવઠ ભવતણી, દિવસ દુરિતના નીઠા. આજ૦ ૧

આંગણે કલ્પવેલી ફળી, ઘન અમીયના વૂઠા ;
આપ માંગ્યા તે પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા. આજ૦ ૨

નિયતિ હિત દાન સનમુખ હુયેં, સ્વ પુણ્યોદય સાથે ;
'જશ' કહે સાહિબે મુગતિનું, કરિઉં તિલક નિજ હાથે. આજ૦ ૩

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યશોવિજયજી કૃત સ્તવન
## (ઢાલ રસિયાની - એ દેશી)

પદ્‌માદેવી નંદન ગુણનીલો, રાય સુમિત્ર કુળચંદ કૃપાનિધિ ;
નયરી રાજગૃહી પ્રભુજી અવતર્યો, પ્રણમે સુર નર વૃંદ. કૃપા૦
મુનિસુવ્રત જિન ભાવે વંદીયે. ૧

કચ્છપ લંછન સાહિબ શામળો, વીશ ધનુષ તનુ માન ; કૃપા૦
ત્રીશ સહસ સંવત્સર આઉખું, બહુ ગુણ રયણ નિધાન. કૃપા૦
મુનિસુવ્રત૦ ૨

એક સહસશું પ્રભુજી વ્રત ગ્રહી, સમેતશિખર લહી સિદ્ધિ ; કૃપા૦
સહસ પચાસ વિરાજે સાહુણી, ત્રીશ સહસ મુનિ પ્રસિદ્ધિ. કૃપા૦
મુનિસુવ્રત૦ ૩

નરદત્તા પ્રભુ શાસન દેવતા, વરૂણ યક્ષ કરે સેવ ; કૃપા૦
જે પ્રભુ ભગતિ રાતા તેહના, વિઘન હરે નિતમેવ. કૃપા૦
મુનિસુવ્રત૦ ૪

ભાવઠ ભંજન જન મન રંજનો, મૂરતિ મોહનગાર ; કૃપા૦
કવિ 'જશવિજય' પયંપે ભવભવે, એ મુજ એક આધાર. કૃપા૦
મુનિસુવ્રત૦ ૫

*

## ભાણચંદ્રજી કૃત સ્તવન
## (સાહિબા શામળીયા રે - એ દેશી)

શ્રી મુનિસુવ્રત જિન વીસમા રે, મહિમાનિધિ મહારાજ ;
પ્રગટયા પૂરવ ભવે કર્યા રે, પુણ્ય અમારાં આજ.
મોહન મનવસીયા રે. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ સરીખો સાહિબ મળ્યો રે, હવે કોઈ ન આવે દાય ;
માલતી મોહ્યા ભૃંગને રે, આક કુસુમ ન સુહાય. મોહન૦ ૨

રાજહંસ માનસ રમે રે, ન ગમે છીલ્લર નીર ;
ગજ સર વિન કિમ રતિ લહે રે, જે રહે રેવા તીર. મોહન૦ ૩

દ્રાખ લહી અમૃત સમી રે, લીંબોળી કુણ ખાય ;
તિમ પ્રભુ મળીયા અન્યની રે, વાંચ્છા કિમહિ ન થાય. મોહન૦ ૪

મેં તું સ્વામી સેવીયો રે, સેવક જન આધાર ;
વાઘજી મુનિના 'ભાણને' રે, આપો શિવસુખ સાર. મોહન૦ ૫

✳

## કીર્તિવિમલજી કૃત સ્તવન
## (હો નણદલ - એ દેશી)

મુનિસુવ્રત જિન વીસમા, એ તો વીસ વસા છે શુદ્ધ; જિનવર.
એ પ્રભુને જે ચિત્ત ધરે, તે થાયે ત્રિભુવન બુદ્ધ. જિનવર
મુનિ૦ ૧

સુમિત્ર નૃપ કુલ શોભતા, પદ્મા રાણી ઉર હંસ; જિનવર.
રાજગૃહી નગરીનો રાજીઓ, ગુણ ગાજીઓ ગુણ અવતંસ. જિનવર
મુનિ૦ ૨

કૂર્મ લંછન પાયે ભલું, લક્ષણ શોભિત અંગ; જિનવર.
ઉત્તમ સહસ રાજનસું, ચારિત્ર લે મન રંગ. જિનવર
મુનિ૦ ૩

ત્રીશ સહસ સાધુ ભલા, મહાસતી સંખ્યા જાણ ; જિનવર.
પચાસ સહસ ગુણે ભરી, તસ ધ્યાન હૃદયમાં આણ. જિનવર
મુનિ૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્યામ વરણ ઉજળું કરે, જિહાં રહે પ્રભુ ગુણ ખાણ ; જિનવર.
સમેતશિખર મુગતે ગયા 'ઋદ્ધિ કીર્તિ' અમૃત વાણ. જિનવર
મુનિ૦ ૫

✳

## દાનવિમલજી કૃત સ્તવન
## (આ ચિત્રશાલીયા સુખ સજ્યા રે - એ દેશી)

મુનિસુવ્રત જિન પ્રભુજી જાણો રે,
સેવક વિનતિ મનમાં આણો રે;
આખે અણી પગે જગે રોપી રે,
તારી મીઠી વાણીની આણ ન લોપે રે. મુનિસુવ્રત૦ ૧

સમરથ સાહિબ તું જગે પૂરો રે,
કિણહી વાતે નહિ અધુરો રે;
શે સેવક નવિ પૂરો આશા રે,
દીજે હવે મુહ માગ્યા પાસા રે. મુનિસુવ્રત૦ ૨

રીઝવી રાખું દિલ કેરી ભ્રાંતિ રે,
કૂર કપૂર ન પૂજે વાતિ રે;
હાથ ધરીને જો હરખાવો રે,
તો નિરવદ્ય મારગ ઠામ દીખાવો રે. મુનિસુવ્રત૦ ૩

કેવળનાણે કહેતા જાણી રે,
ન કર્યો પટંતર દૂધ ને પાણી રે;
વડિમ કરી અણબોલે રહેશો રે,
જિન સાબાશી તો કિમ લેશો રે. મુનિસુવ્રત૦ ૪

સમરતી સુરતી કીધી થાંભી રે,
તેમ તુજ સ્મરણ મુજ મન લાભી રે;
વંછિત 'દાન' દયા કરી આપો રે,
તેમ વિમલ મને કરી સેવક સ્થાપો રે. મુનિસુવ્રત૦ ૫

✹



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્ઞાનસારજી કૃત સ્તવન

મુનિસુવ્રત જિનચંદો, પ્રહ સમ અરૂચિ નિકંદ આનંદો;
વ્હે સદબુદ્ધિ વંદન રૂચિતા, ઉદયેં અનુભૌ ચંદો. મુનિસુવ્રત૦ ૧
વસ્તુગતેં નિજ તત્ત્વ પ્રતીતિં, મિથ્યામતિ અતિ મંદો;
કુશલ વિલાસ આતમતા વૃત્તે, પરચૈ ધરમાણંદો. મુનિસુવ્રત૦ ૨
કારણ જોગેં કારજ સિદ્ધી, વ્હેં જાણેં મતિમંદો ;
'જ્ઞાનસાર' કી જ્ઞાનસારતા, સમ ભાસૈ જિણચંદો. મુનિસુવ્રત૦ ૩

## જ્ઞાનસારજી કૃત સ્તવન

સાવણ સુદિ પૂનિમ મુનિસુવ્રત ચવણ વિમાંણ,
અપરાજિત રાજગ્રહ નયરી જનમનૂં ઠાંણ ;
જેઠ કિસન આઠમ તિથ જનમ પિતા સુહમિત્ર,
માતા નામૈં પઉમા જનમૈં શ્રવણ નખિત્ર. ૧
મેષ રાસ લંછન કૂરમ ધનુ વીસનું દેહ,
વરસ સહિસ તીસ આઊ સાંમ વરણ તનુ જેહ ;
રાજ અપરણ્યા એક સહિસ જસ વ્રત પરિવાર,
વ્રત નગરી રાજગ્રહ વ્રત તપ છઠ ચૌવિહાર. ૨
ફાગુણ સુદિ બારસ વ્રત પારણું દૂજૈ દિન્ન,
ખીર પારણૈ બ્રહ્મદત્ત ઘર પારણું કિન્ન ;
માસ એક છૌમત્થ રાજગૃહ કેવલનાણ,
જ્ઞાન તપૈ છઠ ચંપકતરૂ તલ નાણનૂં ઠાણ. ૩
ફાગુણ વદિ બારસ ગણધર અઢાર,
તીસ સહસ મુનિ અજ્જા વલિ પચાસ હજાર;
વરૂણ જક્ષ જખણી નરદત્તા સેવે પાય,
સિદ્ધ સમેતેં સિદ્ધ ગમન મુનિ સહસ ગિણાય. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઠ કિસન નવમી તિથ મોક્ષૈ ભવ નવ કીન,
નીલ ગુફા વન તપ કર કીની કાયા છીંન;
ચવન વિમાનૈ તેતીસ સાયર પાલી આય,
પિતા માત ગતિ માહિંદ્રે સુપ્રસિદ્ધ કહાય. ૫
હરિ વંસૈ અંતર ખડ લાખ વરસનું જાસ,
એક સહસ અડસય ઉપર કેવલીની રાસ;
પનરૈસૈં મણપજ્જવ ઋજુમઈ વિઉલ પ્રકાસ,
ઓહિનાણી મુનિ અઠારૈસૈં સંખ્યા ભાસ. ૬
પણ સય મુનિવર સંપદ ચવદ પૂરવધાર,
સાઢા સગ સય વચ્છર સંજમ નિરતિચાર;
મુનિસુવ્રત જિન વીસમા હોજ્યૌ મંગલકાર,
રત્નરાજ મુનિ સીસનૈં વંછિત સુખ દાતાર. ૭

✿

## જિનલાભસૂરિજી કૃત સ્તવન

મુનિસુવ્રત જિનરાજજી, રાજ સમોવડી;
મિલિયો કિણહી નિદાણેંજી, આપ તડોબડી. ૧
મિલિયો કિણહી તો હું પ્રમાણુંજી, જાણ્યો હૂય તો જાણું;
જાણ્યા વિણ કિમ માણુંજી, મિલવાનું ટાણું. ૨
દ્રવ્યે જે પ્રભુ મિલવુંજી, તે મિલવું નહિ;
આતમભાવે મિલવુંજી, તે મિલવું સહિ. ૩
મિથ્યા વાસિત મુઝનેજી, સ્યું થાયે મિલ્યાં;
તરૂ કોટર યુત વન્હેંજી કિણ દીઠાં ફલ્યાં. ૪
હિવ ભાવે પ્રભુ મિલિયેંજી, હિલિયે હેજથી;
આતમેં આતમ લહીયેંજી, આતમ સહિજથી. ૫
શુદ્ધાતમથી મિલવાજી, આતમ ઉલ્લસૈ;
શ્રી 'જિનલાભ' પ્રભુજીજી, મુઝ ધ્યાનૈં વસૈ. ૬

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જિનલાભસૂરિજી કૃત સ્તવન

મુનિસુવ્રત મેરો મન હર્યો, મુનિસુવ્રત૦

આઠું યામ ભ્રમત મધુકર જ્યું, ચરણ કમલ ચિત ચૂંપ ભર્યો.

મુનિસુવ્રત૦ ૧

દરસન ચંદ ચકોર જ્યું ચાહે, ઔર વાત સારી વિસર્યો;

મુનિસુવ્રત૦ ૨

ભવ ભવ તૂંહી જ દેવ દયાનિધિ, એ અબ મૈં ઈક તાર ધર્યો.

મુનિસુવ્રત૦ ૩

કરૂણા કર કૂરમ પદ સેવિત, સાહિબ વીસમ મૈં સુમર્યો;

મુનિસુવ્રત૦ ૪

શ્રી 'જિનલાભ' કહત જગદીશ્વર, દેખત સમકિત શુદ્ધ કર્યો.

મુનિસુવ્રત૦ ૫

☼

## સમયસુંદરજી કૃત સ્તવન
### (રાગ - રામગિરિ)

સખી સુંદર રે, પૂજા સત્તર પ્રકાર;
મુનિસુવ્રત સ્વામીનો રે, રૂપ બણ્યો જગ સાર. સખી૦ ૧

મસ્તક મુગટ હીરા જડયા રે, ભાલ તિલક ઉદાર;
બાંહે પહિર્યા બહેરખાં રે, ઉર મોતિનકો હાર. સખી૦ ૨

સામલ વર્ણ સુહાવણો રે, પદ્મા માત મલ્હાર;
'સમયસુંદર' કહે સેવતાં રે, સફલ માનવ અવતાર. સખી૦ ૩

❄



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઋષભસાગરજી કૃત સ્તવન

મુનિસુવ્રત મહારાજ હો, તું તો ગરીબનિવાજ હો,
આજન હો, આજન તો સો ઈણ યુગૈ, શ્યામ મૂરતિ સુખકાર હો;
દેખી જાચણ આયો દરબાર હો, વારજ હો, વાર કહું વાલો લગૈ. ૧

વિકસ્યો પદમ વન પુણ્ય હો, હું હુઓ ધન્ય કૃતપુણ્ય હો,
અન્ય જ હો, અન્ય ન માંનઈ મન વિષૈ, માહરૈ મનિ અભિલાષ હો;
ગિણતીમૈ લાખાં લાખ હો, સાખજ હો, સાખ પુરૈ કુણ તો પખૈ. ૨

જે જાયા જસની રાતિ હો, જસ લૈવૈ કરૈ હર ભાંતિ હો,
ખાંતિ જ હો, ખાંતિ કરી નિત નિત પ્રતિ, માયા રસની સીર હો;
પ્યાસ બુઝાવણ નીર હો, ધીરજ હો, ધીર અછૈ મનમૈ ઘણી. ૩

જનમ કૃતારથ કીધ હો, મુંહ માંગ્યો મુઝનૈ દીધ હો;
લીધ જ હો, લીધો લાહો નરભવ તણો, હુઓ ન હોસી કોય હો;
તું હોવૈ તેહવો હોય હો, જોયજ હો, જોયૈ હુવૈ આણંદ ઘણો. ૪

માહરો પ્રભુ સ્યું મોહ હો, તૈ મેટ્યો મુઝ અંદોહ હો;
છોહ જ હો, છોહ ધરી કરિ ચિત્તમૈ, ચિત્તમૈ તો હુવૈ ચેન હો;
આછી ભાંતિ ઐન હો, ઐન જ હો, નિરખી જૈ તો નિત્ય મૈ. ૫

તું સંસારમૈ સાર હો, માહરૈ પ્રાણ આધાર હો,
પ્યાર જ હો, પ્યાર મ દેજ્યો પર હથૈ, એહ અરજ છૈ અમ હો;
'ઋષભસાગર' કહૈ તુમ હો, સમ્મ જ હો, સમ્મ તુમ્મે સેવક કથૈ. ૬

✡



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




નવરંગપુરા (અમદાવાદ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાંતિવિજયજી કૃત સ્તવન
## (મદનેશ્વર મુખ બોલ્યો ત્રટકી - એ દેશી)

ગુણ બોલંતાં જો નવિ ભીંજે, તો ઓલંભડે મત ખીજે હે;
સસનેહી રે સુંદર.
મુનિસુવ્રત મુજ રાખી લે, બક્ષ્યો હોયેં કાંઈ આજ લગેજી;
તે સંભાળી લીજે હે, સસનેહી રે જિનવર, ગુણ કીધા તે ભાખીને.
મુનિસુવ્રત૦ ૧

પ્રભુતા ધારી પીડ ન જાણે, મુજ મહેનત મન ન આણે હે; સસનેહી૦
દાન તણો અવસર પામીને, દિનદિન આધા તાણે હે.
મુનિસુવ્રત૦ ૨

આરાધું અહનિશ એક ધ્યાને, ત્યાં તું નયણ ન જોડે હે; સસનેહી૦
જિમ અસવાર ન જાણે પંથે, યદ્યપિ તુરંગમ દોડે હે.
મુનિસુવ્રત૦ ૩

મોટા જનથી માંડી જોરો, કિમ લીજીએ તે તાણી હે; સસનેહી૦
કુંજર કાન ગ્રહ્યો કિમ આવે, રહીયે ઈમ મન જાણી હે.
મુનિસુવ્રત૦ ૪

પ્રેમ પ્રતીત અછે જો સાચી, તો બાજી નહિ કાચી હે; સસનેહી૦
'કાંતિ' ચરિત મુજ જલધર સરીખા, કરત પલકમાં અજાચી હે.
મુનિસુવ્રત૦ ૫

## હંસરત્નજી કૃત સ્તવન
## (થુલીભદ્ર થિર જસ કરમી જીવ - એ દેશી)

ઐન અસાઢો ઉમ્હયોજી, ત્રિભુવનને હિતકાર;
જિનવર ઉલટ્યો એ જલધાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસે વરસે વચન સુધાજલ જોર રે,
નિરખી હરખે પરષદા જન મન મોર રે;
અમર વિમાને છાયો ગગન ઘન ઘોર રે,
જાણે કે ઉલટ્યો વાદળદળ ચિહું ઓર રે. જિનવર૦ ૧

શ્યામ શરીરે ઓપે નખ ઉજાસ રે,
જલઘટામાં જાણો વીજ પ્રકાશ રે;
સુરદુંદુભિનો ઉઠ્યો શબ્દ અખંડ રે,
ગર્જારવશું ગાજી રહ્યો બ્રહ્માંડ રે. જિનવર૦ ૨

ધર્મ ધજા જિહાં ઈંદ્ર ધનુષ અભિરામ રે,
દિગ્ગજની પરે આવે ઈંદ્ર ઊદ્દામ રે;
પવન ફરૂકે કરૂણા લહેર સુરંભ રે,
નાઠાં દૂરે દુઃખ દુકાલને દંભ રે. જિનવર૦ ૩

ઝરમર ઝરમર ઝડીમડી વરસંત રે,
ચાતકની પરે ચતુર પુરૂષ હરખંત રે;
થઈ રોમાંચિત શીતળ સહુની દેહ રે,
મન મેદનીએ પસર્યો પૂરણ નેહ રે. જિનવર૦ ૪

આવે જિન વંદન ખેચરપતિ મન ખંત રે,
ઉલટી જાણે ગગને બલાહક પંત રે;
ભવ દાવાનલ દાહ શમ્યો વળી તામ રે,
ઉલસ્યો વેગે ત્રિભુવન આરામ રે, જિનવર૦ ૫
પ્રમુદિત મુનિવર દાદુર ડહકે જયાંહી રે,
જિનગુણ રાતા ભવિક મમોલા ત્યાંહી રે;
આવ્યો વેગે દુરિત જવાસકો અંત રે,
ગિરિવરની પરે હરીઆ થયા ગુણવંત રે. જિનવર૦ ૬

થઈ નવપલ્લવ સત શાખા સુખવેલ રે,
ચિહું દિશે પૂરે ચાલી સુકૃત રેલ રે;
પ્રવચન રચના સરોવર લહરી તરંગ રે,
સૂધા જિન સારસ ખેલે અધિક ઉમંગ રે. જિનવર૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણ યુગલ યૌં વિકસિત કુસુમ કદંબ રે,
અવિલંબ્યા તિહાં અમર ભમર અવિલંબ રે;
પસર્યા પોહોવે સમકિત બીજ અંકૂર રે,
જીવદયા જિહાં નીલાં હરીનું પૂર રે. જિનવર૦ ૮

ઈણી પરે ગાયો ઉલટ આણી ઉર રે,
શ્રી મુનિસુવ્રત વર્ષા ભાવે સનૂર રે;
આજ સફળ દિન 'હંસ' કહે કરજોડ રે,
તુજ ગુણથી રે સીંચ્યો સમક્તિ છોડ રે. જિનવર૦ ૯

⌘

## જીવણવિજયજી કૃત સ્તવન
## (જિનજી ત્રેવીશમો જિન પાસ આશ મુજ પૂરવે રે લો)

જિનજી મુનિસુવ્રતશું માંડી, મેં તો પ્રીતડી રે લો;
મારા સુગુણ સનેહી લો.
જિનજી તું સુરતરૂની છાંય, ન છાંડું હું ઘડી રે લો. મારા૦ ૧

જિનજી શ્રી પદ્મા સુત નંદન, શ્રી સુમિત્રનો રે લો; મારા૦
જિનજી દીપે વર તનુ શ્યામ, કલાશું વિચિત્રનો રે લો. મારા૦ ૨
જિનજી આરતડી મુજ અલગી, ગઈ તુજ નામથી રે લો; મારા૦
જિનજી વિનતડી સફળી કરી, લીજે મન ધામથી રે લો. મારા૦ ૩

જિનજી ક્ષણ ક્ષણમેં તુજ આશા, પાસ ન છોડશું રે લો. મારા૦
જિનજી વારુ પરિ પરિ વધતો નેહ, સુરંગો જોડશું રે લો. મારા૦ ૪

જિનજી વિસાર્યા કિમ વ્હાલા, તું મુજ વિસરે રે લો; મારા૦
જિનજી તાહરે સેવક કંઈ, પણ મુજ તું શિરે રે લો. મારા૦ ૫

જિનજી સિદ્ધિ વધૂની ચાહ, કરી મેં તો પરે રે લો; મારા૦
જિનજી દીજે તેહી જ દેવ, કૃપા કરી મોં પરે રે લો. મારા૦ ૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનજી તારે એ કિરતાર, પ્રભુને જે સ્તવે રે લો; મારા૦
જિનજી જીવવિજય પય સેવક, 'જીવણ' વિનવે રે લો. મારા૦ ૭

## મેઘવિજયજી કૃત સ્તવન
## (શ્રી ચંદ્રપ્રભ જિન સાહિબા રે૦)

મુનિસુવ્રત જિન રાજીઓ રે, ગાજીયો મહિમા અગાધ; ભવિજન ભેટો.
સજલ જલદ પરે શામલો રે, જોગીસર શિરતાજ. ભવિ૦
ભેટો ભેટો હો સુજાણ જન ભેટો, ભાવો ઉજ્જવલ ધરમનું ધ્યાન.
ભવિ૦ ૧

લાખ ચોરાશી યોનિમાં રે, ભમતાં વાર અનંત; ભવિ૦
ચિંતામણિ સમ પામીયો રે, નામી સ્વામી સંત. ભવિ૦ ૨

મોહતણાં બળ ચૂરવા રે, સબળો તું બળ શૂર; ભવિ૦
ચતુરાઈ શું ચિત્ત વસ્યો રે, પલક ન કીજે દૂર. ભવિ૦ ૩

આવ્યા જે તુજ આગળે રે, પાતકીયા પણ લોક; ભવિ૦
તે પણ સહુ સુખીયા કર્યા રે, પાયા જ્ઞાન આલોક. ભવિ૦ ૪

ભવ ભ્રમ ટાળો માહરો રે, આણી કરૂણા નેઠ; ભવિ૦
તુજ મુજ 'મેઘ' મયૂરનો રે, સગપણ સમરથ સેઠ. ભવિ૦ ૫

## કેશરવિજયજી કૃત સ્તવન
## (પંથીડા સંદેશો પૂજ્યજીને વિનવે રે - એ દેશી)

સાંભળ સુવ્રત સ્વામી શામળા રે, શ્રી હરિવંશ વિભૂષણ રયણ રે;
નયણાં હરખે તુજ મુખ દેખવા રે, તુજ ગુણ ગાવા ઉલ્લસે વયણ રે.
સાંભળ૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ ગુણ નિરમલ ગંગ તરંગમેં રે, મોહ્યો મુજ મન બાલ મરાલ રે;
ત્રિભુવન મોહ્યો તુજ મહિમ કરી રે, સાચો મોહન તું હી મયાલ રે.
સાંભળ૦ ૨

મહેર કરી જે સ્વામી મો ભણી રે, દીજે સમકિત રયણ સુહેજ રે;
જો દીયે સાહિબ મુજ સુહેજથી રે, તો નિત્ય દીયે સેવક તેજ રે.
સાંભળ૦ ૩

ભક્ત વત્સલ જગબાંધવ તુંહી, તું જગજીવન તું ગુણગેહ રે;
જો હેત વહેશ્યો અમશું આપણો રે, તો નિરવહેશ્યો ધર્મ નેહ રે.
સાંભળ૦ ૪

શ્રી મુનિસુવ્રત જિનશું નેહલો રે, તે તો શશી જિમ સિંધુ ઉલ્લાસ રે;
'કેશર' જંપે સ્વામી માહરા રે, દરશન દેઈ પૂરો આશ રે.
સાંભળ૦ ૫

◎

## કનકવિજયજી કૃત સ્તવન
## (આજ હજારી ઢોલો પાહુણો - એ દેશી)

મુનિસુવ્રત જિન ભેટતાં, ઉપજ્યો હરખ અપાર; સહિયર મોરી હે.
હેજઈ હિયડું ઉલસ્યું, મિલિઓ પ્રાણાધાર. સહિયર મોરી હે.
આજ અધિક આનંદ હુઓ. ૧

ઘર અંગણિ સુરતરૂ ફલ્યો, જનમ સફલ થયો આજ; સહિયર૦
મનહ મનોરથ સવિ ફલ્યા, પામ્યું ત્રિભુવન રાજ. સહિયર૦
આજ૦ ૨

રતન ચિંતામણિ કર ચઢયું, વૂઠો અમૃત મેહ; સહિયર૦
અષ્ટ સિદ્ધિ નવનિધિ સંપજી, જે નિરખ્યો ગુણનિધિ એહ. સહિયર૦
આજ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરાય અલગ ટલ્યા, પ્રગટયો પુણ્ય અંકૂર; સહિયર૦
ભવ ભાવઠિ સવિ ઉપશમી, વાધ્યું અધિકું નૂર. સહિયર૦
આજ૦ ૪

એ સાહિબની સેવના, નવિ મુકું નિરધાર; સહિયર૦
જેહથી શિવસુખ પામીઈ, 'કનકવિજય' જયકાર. સહિયર૦
આજ૦ ૫

## રૂચિરવિમલજી કૃત સ્તવન

મુનિસુવ્રત સુવ્રત જિમ મન વસ્યો, જિમ મોરાં મન મેહ સુહંકર;
સુગુણા સરસી સરસી પ્રીતડી, કિમ હી ન આપે રે છેહ સુહંકર.
મુનિસુવ્રત૦ ૧

જે સાચા વાચા નાતે સહી, સેવક માથે રે નેહ;
નિવાહે રંગ પતંગ સુરંગી રીતડી, તે સાહિબને રે કહો ચાહે.
મુનિસુવ્રત૦ ૨

જે ચાહે ચરણાંરી ચાકરી, અંતર તેહ શું રે કહો કિમ કીજીયે;
નયણ સલૂણે વયણ રસેં કરી, તેહ શું નિચ્ચલ રંગ રમીજૈ.
મુનિસુવ્રત૦ ૩

સુંદર સૂરતિ સહેજે સોહતી, મોહનગારી રે મુઝ મન માની;
ઓર ન જાચું કાચું મન કરી, નિરખ્યો નયણેં ઓર ન દાની.
મુનિસુવ્રત૦ ૪

ફાગુણ વદી બારસ દિન કેવલી થઈ, પ્રતિબોધ્યાં રે સુર નરનારી;
'રૂચિર વિમલ' પ્રભુ સુરતરૂ સારિખો, પ્રભુજી પ્રણમ્યાંરે સંપત્તિ સારી.
મુનિસુવ્રત૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ભાવપ્રભસૂરિ કૃત સ્તવન
## (એડીની ગેડી કરું - એ દેશી)

મુનિસુવ્રત જિન શામલો, ચેતન સહજ વિલાસ; મોરા લાલ.
ઉજ્જવલ ધ્યાને ધ્યાઈ, અનુભવ રસમેં ઉલ્લાસ. મોરા૦ મુનિસુવ્રત૦ ૧

પુદ્ગલથી ન્યારો રહ્યો, ખેલઈ આતમરામ; મોરા લાલ.
નિરમલ ગુણ પરજાયની, જાગતી જ્યોતિ ઉદ્દામ. મોરા ૦ મુનિસુવ્રત૦ ૨

જ્ઞાન અનંતુ જેહનઈ, દરસણ દીપઈ અનંત; મોરા લાલ.
સુખ અનંતુ કુણ મવઈ, અનંત વીરજ ઉલ્લસંત. મોરા૦ મુનિસુવ્રત૦ ૩

બૂઝાણા દીવા સમો, ગુણનો નાશ અશેષ; મોરા લાલ.
મુગતિ લક્ષણ કહે મૂઢ એ, પામઈ જગમેં કલેશ. મોરા૦ મુનિસુવ્રત૦ ૪

છઈ અવિનાશી આતમા, સત્તા શુદ્ધ સ્વરૂપ; મોરા લાલ.
શ્રી 'ભાવપ્રભ' તેહનઈ ભજો, જે ચિદાનંદ અનૂપ. મોરા૦ મુનિસુવ્રત૦ ૫

❖

## રતનવિજયજી કૃત સ્તવન
## (વીર જિણંદ જગત ઉપગારી - એ દેશી)

મુનિસુવ્રત જિન અધિક દિવાજે, મહિમા મહિયલ છાજેજી;
ત્રિજગ વંદિત ત્રિભુવન સ્વામી, ગિરૂઓ ગુણનિધિ ગાજેજી.
મુનિ૦ ૧

જન્મ વખત વર અતિશય ધારી, કલ્પાતીત આચારીજી;
ચરણ કરણભૂત મહાવ્રત ધારી, તુમચી જાઉં બલિહારીજી.
મુનિ૦ ૨

જગ જન રંજન ભવ દુઃખ ભંજન, નિરૂપાધિક ગુણભોગીજી;
અલખ નિરંજન દેવ દયાળુ, આતમ અનુભવ જોગીજી.
મુનિ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનાવરણીય ક્ષયથી પ્રગટ્યું, અનુપમ કેવળ નાણજી;
લોકાલોક પ્રકાશક ભાસક, ઉદયો અભિનવ ભાણજી.
મુનિ૦ ૪

વરસી વસુધા પાવન કીધી, દેશના સુધારસ સારજી;
ભવિક કમલ પ્રતિબોધ કરીને, કીધા બહુ ઉપકારજી.
મુનિ૦ ૫

સંપૂરણ તેં સિદ્ધતા સાધી, વિરમી સકલ ઉપાધિજી;
નિરૂપાધિક નિજ ગુણને વરીયા, અક્ષય અવ્યાબાધજી.
મુનિ૦ ૬

હરિવંશે વિભૂષણ દીપે, રિષ્ટ રતન તનુ કાંતિજી;
સુખ સાગર પ્રભુ નિરમળ જ્યોતિ, જોતાં હોય ભવ શાંતિજી.
મુનિ૦ ૭

સમેતશિખર ગિરિ સિદ્ધિ વરીયા, સહસ પુરૂષને સાથજી;
જિન ઉત્તમ પદને અવલંબી, 'રતન' થાયે સનાથજી.
મુનિ૦ ૮

≋

## દીપવિજયજી કૃત સ્તવન
## (માથે મટુકીને મહીયની ગોરી તો - એ દેશી)

શ્રી મુનિસુવ્રત જિનવર સોહતો, જ્ઞાન અનંત દિવાકરુ,
અંતરજામી ચતુર રે, લેંહરી રે મોહના.
માયને સુવ્રત પાલવા થયો મન, નામ ઠવ્યું તિમ સુંદરું. અંતરજામી૦ ૧
સિંહગિરિ અપરાજિત વિમાનમાં, સુર પદવી તે ભોગવી; અંતરજામી૦
ચવી થયો રાજગૃહીનો નરેશર, સકલ ધરાનેં સોહવી. અંતરજામી૦ ૨
શ્રવણ નક્ષત્રે જનમીયા જિનજી, તિન લોક જયકારી રે; અતંરજામી૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મકર રાશિ કપિ જોનિ વિરાજતા, સુંદર ગુણ ગણ ધારી રે. અંતરજામી૦ ૩
કર્મ નિજરવા ધર્યું ચિત્તશું, મૌન તે માસ ઈગ્યાર રે; અંતરજામી૦
ચંપક હેઠલ કેવલ મહોચ્છવ, અમર કરે ધોંકાર રે. અંતરજામી૦ ૪
ધ્રુવપદ એક હજારશ્યું વરીયા, તોડી અનાદિ જંજાલ રે; અંતરજામી૦
સિદ્ધ મંડલમાંહિ અવિચલ 'દીપે', રંગ અભંગ રસાલ રે. અંતરજામી૦ ૫

## ધર્મકીર્તિગણિ કૃત સ્તવન
## (ઢાલ - દેરાણી જેઠાણી વાદ વાદી આપણ કુણજર વીશા વાજે રે કવણ જીરીયા - એ દેશી)

મુનિ સુવ્વય જિન વીસમઉ તઉ ભમારૂલી, અપરાજિતથી ચવી;
રાજગૃહી સુમિત્ર ઘરિ તઉ ભમારૂલી, પદ્‌માવતી કૂખી આવી. ૧

સવણ રિકૂખ અક્કાછવઉ તઉ ભમારૂલી, મકર રાશિ ધણુ વીસ;
સામ અંગ અઢારહ ગણહરૂ તઉ ભમારૂલી, વરરૂવ સહસ આઉ તીસ. ૨

મલ્લી સુવ્વય અંતરઉ તઉ ભમારૂલી, ચઉપન વરસહ લખ્ખ;
રાજગૃહી વય નાણ વલી તઉ ભમારૂલી, છઠ તપિ ચંપગ રૂકૂખ. ૩

બંભદત્ત ઘરિ પારણઉ તઉ ભમારૂલી, સાહુણી સહસ પચાસ;
તીસ સહસ વર સાધુજી તઉ ભમારૂલી, જખ્ખ વરૂણ નિત પાસ. ૪

તિગ લખ સહસ પચાસ સાવિઆ તઉ ભમારૂલી, બહતરિ સહસ ઈગ લાખ;
સાવય દેવી અચ્છુતા તઉ ભમારૂલી, સંમેતઈ શિવ દાખ. ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જશવિજયજી કૃત સ્તવન
## (આતમ ભક્તિ મિલ્યા કેઈ દેવા - એ દેશી)

શ્રી મુનિસુવ્રત સ્વામી હો જિનજી, સુણ સેવકની વિનતી,
આ ભવસાગરથી તાર હો જિનજી, કરું તુજને બહુ મીનતિ;
તુજ સમ અવર ન કોય હો જિનજી, જે આગળ જઈ જાચીએ,
જે નવિ પામ્યા પાર હો જિનજી, તે દીઠે કિમ રાચીએ.
શ્રી મુનિસુવ્રત૦ ૧

જે હોવે ધનવંત હો જિનજી, તે અવરાને ઉધ્ધરે,
આપ હોવે નિરધન હો જિનજી, કિમ બીજાને સુખ કરે;
પામી સુરતરૂ સાર હો જિનજી, કુણ જઈ બાવલ બાથ ભરે,
રતન ચિંતામણિ છોડી હો જિનજી, કહો કુણ કાચ કરે ધરે.
શ્રી મુનિસુવ્રત૦ ૨

શાલ દાલ લહી સાર હો જિનજી, કુકસ ભોજન કુણ જમે,
ગંગા જલ ઉવેખ હો જિનજી, છિલ્લર જલ કો કિમ ગમે;
પરિહરી પાધરો પંથ હો જિનજી, ઉવટ વાટે કુણ ભમે,
તિમ તુજ આદરી સેવ હો જિનજી, અવર દેવ જઈ કુણ નમે.
શ્રી મુનિસુવ્રત૦ ૩

હવે મુજ વાંછિત આપ હો જિનજી, આશા ધરી હું આવીયો,
તાહરે તો બહુ દાસ હો જિનજી, મુજ ચિત્ત તુંહી જ ભાવીયો;
આપશો આખર દેવ હો જિનજી, તો શી ઢીલ કરો તમે,
માગવા મોટી મોજ હો જિનજી, કિમ અવસર લહેશું અમે.
શ્રી મુનિસુવ્રત૦ ૪

માટે થઈ મહેરબાન હો જિનજી, વેગે મુઝને તારીયે,
કુમતિ પડી છે કેડ હો જિનજી, તેહને સાહિબ વારીયે;
વિષધર ચાર કષાય હો જિનજી, તેહનો ભય નિવારીયે,
શ્રી ખિમાવિજય પય સેવ હો જિનજી, લહી 'જશ' કહે કિમ હારીયે.
શ્રી મુનિસુવ્રત૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જગજીવનજી કૃત સ્તવન
## (ઢાલ - રામચંદ્ર કે બાગ)

મુનિસુવ્રત જિનરાજશું, મુજ પ્રીતિ ભલેરી રે લો. મુજ૦
મધુકર ચાહે કેતકી, ચિત્તચંદ ચકોરી રે લો. ચિત્ત૦ ૧

કમલ હસે રવિ પેખીનેં, મેઘ ચાહેં મયૂરી રે લો. મેઘ૦
વીંઝગ યંહાં વલ્લહો, સુર ચાહે જ્યોરી રે લો. સુર૦ ૨

સૌમ્ય સુરતિ જિન તાહરી, દેખી પ્રીતિ ઘનેરી રે લો. દેખી૦
શાંતિ સુધારસ સાધતી, નહી તુમિ અનેરી રે લો. નહી૦ ૩

અન્વય પદની પૂરણી, સુખ સારણિ સહેજેં રે લો. સુખ૦
ભગતિ તારક ભય ભંજણી, મોહ ગંજણી હેજેં રે લો. મોહ૦ ૪

એહવી ભગતિ હીયડેં વસી, જિનરાજ તિહારી રે લો. જિન૦
રત્નત્રયી ગુણ રાશિની, ફલી આશ અમારી રે લો. ફલી૦ ૫

દીવબિંદર સંઘ શોભતો, ધરમી દઢ ભાવેં રે લો. ધરમી૦
અઢાર ચોવીસેં માસ ચૈતરે, ગણી 'જગજીવન' ગાવેં રે લો. ગણી૦ ૬

## જિનહર્ષજી કૃત સ્તવન
## (રાગ - તોડી)

આજ સફલ દિન ભયો સખીરી.
મુનિસુવ્રત જિનવરકી મૂરતિ, મોહનગારી જો નિરખીરી. આજ૦ ૧

આજ મેરે ઘર સુરતરૂ ઉગ્યો, નિધિ પ્રકટ ભઈ આજ સખીરી;
આજ મનોરથ સકલ ફલે મેરે, પ્રભુ દેખત દિલ હરખીરી. આજ૦ ૨

પાપ ગયે સબહી ભવ ભવ કે, દુરગતિ દુરમતિ દૂર નખીરી;
કહે 'જિનહર્ષ' મુગતિ કે દાતા, શિર પગરી તાકી આણ રખીરી. આજ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમયસુંદર કૃત સ્તવન

જંબુદીવ સોહામણું, દક્ષિણ ભરત ઉદાર;
રાજગૃહ નગરી ભલી, અલકાપુરિ અવતાર. ૧

શ્રી મુનિસુવ્રત સ્વામીજી, સમરતાં સુખ થાય;
મનવંછિત ફલ પામિયઈ, દોહગ દૂરિ પુલાય. શ્રી૰ ૨

રાજ કરઈ તિહાં રાજિયઉ, સુમિત્ર નરેસર નામ;
પટરાણી પદમાવતી, શીલ ગુણે અભિરામ. શ્રી૰ ૩

શ્રાવણ ઉજલ પૂનિમઈ, શ્રી જિનવર હરિવંશ;
માતા કુક્ષિ સરોવરઈ, અવતરિયઉ રાયહંસ. શ્રી૰ ૪

જેઠ પઢમ પખિ અષ્ટમી, જાયઉ શ્રી જિનરાય;
જનમ મહોચ્છવ સુર કરઈ, ત્રિભુવન હરખ ન માય. શ્રી૰ ૫

સામલ વરણ સોહામણઉ, નિરૂપમ રૂપ નિધાન;
જિનવર લાંછન કાછવઉ, વીસ ધનુષ તનુ માન. શ્રી૰ ૬

પરણી નારિ પ્રભાવતી, ભોગ પુરંદર સામિ;
રાજલીલા સુખ ભોગવઈ, પૂરઈ વંછિત કામ. શ્રી૰ ૭

નવ લોકાંતિક દેવતા, આવિ જંપઈ જયકાર;
પ્રભુ ફાગુણ સુદિ બારસઈ, લીધઉ સંજમ ભાર. શ્રી૰ ૮

ફાગુણ વદિ પ્રભુ બારસઈ, મનિ ધરિ નિર્મલ ધ્યાન;
ચ્યાર કરમ પ્રભુ ચૂરિયાં, પામ્યઉ કેવલજ્ઞાન. શ્રી૰ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ઢાલ ॥

તતખિણ તિહાં મિલિયા ચલિયાસણ સુર કોડિ ।
પ્રભુના પદ પંકજ પ્રણમઈ બેકર જોડિ ॥
બેકર જોડી મછર છોડી સમવસરણ વિરચંતિ ।
માણિક હેમ રૂપ મય ત્રિગઢ છત્ર ત્રય ઝલકંતિ ॥
સિંહાસન બઈઠા તિહાં સામી ચઉવિહ ધરમ પ્રકાસઈ ।
બાર પરષદા આગલિ બઈઠી નિસુણઈ મન ઉલાસઈ ॥ ૧૦

તપ નઈ અધિકારઈ પખવાસઉ તપ સાર ।
પડિવાથી લીજઈ પનરહ તિથિ સુવિચાર ॥
પનરહ તિથિ કીજઈ ગુરૂ મુખિ લીજઈ જિણ દિન હુઈ ઉપવાસ ।
શ્રી મુનિસુવ્રત નામ જપીજઈ વાંદી દેવ ઉલ્લાસ ॥
તપ ઉજમણઈ રજત પાલણઉ સોવન પૂતલિ ચંગ ।
મોદક થાલ દેહરઈ ઢોઈ જિનવર સ્નાત્ર સુચંગ ॥ ૧૧

તપ કીજઈ રે નિરંતર અદુખ દર્શની જેમ ।
મન વંછિત સુખ સંપત્તિ પામીજઈ તેમ ॥
સંપત્તિ પામીજઈ લીલ કરીજઈ રાજ રિદ્ધિ વિસ્તાર ।
પુત્ર મિત્ર પરિવાર પરંપર અતિ વલ્લભ ભરતાર ॥
જસ કીરતિ સોભાગ વઢઈ મહિયલ મહિમા જાણ ।
પર ભવિ મુગતિ તણા ફલ લહિયઈ એ તપ તણઈ પ્રમાણ ॥ ૧૨

થિર થાપી રે ચતુર્વિધ સંઘ તણઉ અધિકારિ ।
ભરૂયચ્છિ પ્રમુખ નગરાદિક કરિય વિહાર ॥
વિહાર કરી પ્રતિબોધી ખંધગ પંચસયાં પરિવાર ।
કાર્તિક સેઠ જિતશત્રુ તુરંગમ સુવ્રત નામ કુમાર ॥
ત્રીસ સહસ વરસ આઉખું પાલી જગદાધાર ।
શ્રી સમ્મેતશિખરિ પરમેસર પહુંતા મુગતિ મઝાર ॥ ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ પંચ કલ્યાણક થુણિયઉ ત્રિભુવન તાય ।
મુનિસુવ્રત સામી વીસમઉ જિણવર રાય ।।
વીસમઉ જિણવર રાય જગત્ર(ત) ગુરૂ ભય ભંજણ ભગવંત ।
નિરાકાર નિરંજન નિરૂપમ અજરામર અરિહંત ।।
શ્રી જિણચંદ વિનેય શિરોમણિ સકલચંદ ગણિ સીસ ।
વાચક 'સમયસુંદર' ઈમ બોલઈ પૂરઉ મનહ જગીસ ।। ૧૪

## મુક્તિવિમલજી કૃત સ્તવન
## (મનડું કિમહી ન બાજે હો કુંથુજિન મનડું કિમહી ન બાજે - એ દેશી)

મુનિસુવ્રત જિન વંદો હો ભવિકા, મુનિસુવ્રત જિન વંદો;
જિમ જિમ વંદો ભવિજન ભાવે, તિમ તિમ પાપ નિકંદો હો. ભવિકા મુનિ૦ ૧

રાજગૃહી નયરી પતિ સોહે, સુમિત્ર નૃપ કુલ ચંદ;
પદ્મમાવતી નંદન સુખકારી, કચ્છપ લાંછન અમંદ હો; ભવિકા મુનિ૦ ૨

શ્યામ કાંતિ સુશરીર તે રાજે, જિમ સજલા ઘનમાલા;
વીસ ધનુષની દેહડી ઉંચી, શોભે અતિહિ રસાલા હો. ભવિકા મુનિ૦ ૩

એક સહસસું દીક્ષા લીધી, ગણધર જસ છે અઢાર;
ત્રીસ સહસ મુનિ પરિવારે, ભવિને કરે ભવપાર હો. ભવિકા મુનિ૦ ૪

વરૂણ જક્ષ સુરી નરદત્તા, શાસન દેવતા જાસ;
ત્રીસ સહસ વરસાનું આયુ, પાલી લહ્યું શિવવાસ હો. ભવિકા મુનિ૦ ૫

જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવલ ધારી, દાન દયા સુભંડાર;
સૌભાગ્ય પદ આપે ભવિજનને, 'મુક્તિ વિમલ' પદ સાર હો ભવિકા મુનિ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દાનવિજયજી કૃત સ્તવન
## (દુઃખ દોહગ દૂરે ટળ્યા રે૦)

શ્રી મુનિસુવ્રત સાહિબા રે, તુજ વિણ અવર કો દેવ;
નજરે દીઠા નવિ ગમે રે, કિમ કરીએ તસ સેવ.
જિનેશ્વર મુજને તુજ આધાર.
નામ તમારું સાંભળે રે, શ્વાસમાંહે સો વાર. જિનેશ્વર૦ ૧

નિરખ્યા સુર નજરે ઘણાં રે, તેહશું ન મિલે તાર;
તારો તાર મિલ્યા પખે રે, કહો કિમ વાધે પ્યાર. જિનેશ્વર૦ ૨

અંતર મન મિલિયા વિના રે, ન ચઢે પ્રેમ પ્રમાણ;
પાયા વિણ કિમ સ્થિર રહે રે, મોટા ઘર મંડાણ. જિનેશ્વર૦ ૩

જોતાં મૂરતિ જેહની રે, ઉલ્લસે નજર ન આપ;
તેહવાશું જે પ્રીતડી રે, તે સામો સંતાપ. જિનેશ્વર૦ ૪

તિણે હરિહર સુર પરિહરી રે, મન વસી તાહરી સેવ;
'દાનવિજય' તુમ દરિશને રે, હરખ હોય નિત્યમેવ. જિનેશ્વર૦ ૫

## માણિક્યસિંહસૂરિ કૃત સ્તવન
## (મ્હારા સ્વામી મ્હારાથી છોટા - એ ચાલ)

નમું મુનિસુવ્રત જિનરાયા, રાજા સુમિત્ર કુલે આયા. નમું૦
શ્યામ વરણ પ્રભુની કાયા, પદ્માવતી માતતણા જાયા. નમું૦ ૧
લાંછન કૂર્મતણું સોહે, દેખી ભવિજનનાં મન મોહે. નમું૦
રાજગૃહી નગરી સ્વામી, પુરંદર વંદે શિરનામી. નમું૦ ૨
આયુ ત્રિશ સહસ વરસ પાળી, વર્યા શિવરમણી રૂપાળી. નમું૦
જે પ્રભુ પદપંકજ પૂજે, તેના અષ્ટ કર્મ રિપુ ધ્રૂજે. નમું૦ ૩
કિંકર હું છું પ્રભુ તારો, ભવાબ્ધિ થકી મુજને તારો. નમું૦
તુજ ગુણ જૈન સભા ગાવે, 'માણક' અઘ સંચય જાવે. નમું૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વીરવિજયજી કૃત સ્તવન
## (રાસ ધારી કી દેશી)

જિણંદજી એહ સંસારથી તાર.
મુનિસુવ્રત જિનરાજ આજ મોહે એહ સંસારથી તાર. ।।આંકણી।।

પદ્માવતી જિકો નંદન નિરખી, હરખિત તન મન થાય. જિ૦
કચ્છપ લંછન પ્રભુ પદ થારે, શામલ વરણ સોહાય. શા૦મુ૦ ૧

લોકાંતિક સુર અવસર દેખી, પ્રતિબોધનકું આય. જિ૦
રાજ કાજ સબ છોડ દઈ પ્રભુ, સંજમશું ચિત્ત લાય. સં૦મુ૦ ૨

તપ જપ સંજમ ધ્યાનાનલથી, કર્મ ઈંધન જલ જાય. જિ૦
લોકાલોક પ્રકાશક અદ્ભુત, કેવલજ્ઞાન તું પાય. કે૦મુ૦ ૩

જ્ઞાનમેં ભાલી કરૂણા ધારી, જીવદયા ચિત્ત લાય. જિ૦
મિત્ર અશ્વ ઉપગાર કરણકું, ભરૂઅચ્છ નગરમેં આય. ભ૦મુ૦ ૪

અશ્વ ઉગારી બહુ જન તારી, અજર અમર પદ પાય. જિ૦
'વીરવિજય' કહે મેહેર કરો તો, હમને તૈ સુખ થાય. હ૦મુ૦ ૫

## તત્ત્વવિજયજી કૃત સ્તવન
## (મરકલડાની દેશી)

શ્રી મુનિસુવ્રત સ્વામીજી સાહિબ સાંભળો મઈ તો પુણ્યઈ સેવા પામીજી.સા૦
મુજ ભાગ્ય પ્રગટ હૂઉં આજજી સા૦ ભલઈ ભેટ્યા શ્રી જિનરાજજી સા૦ ૧

ઘરિ આંગણિ સુરતરૂ ફલિઓજી સા૦ મન માન્યો સજ્જન મલિઓજી સા૦
આજ ભાવઠિ સવિ ભાગીજી સા૦ આજ શુભદશા મુજ જાગીજી સા૦ ૨

આજ અમિયઈ વૂઠા મેહજી સા૦ મુજ નિર્મલ હુઈ દેહજી સા૦
આજ મનના મનોરથ ફલિઆજી સા૦ આજ અંતરાય સવિ ટલિયાજી સા૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ ગુણસું લાગો વેધજી સા૦ તે તો કુણ જાણઈ તસ ભેદજી સા૦
નિશિદિન રહું પ્રભુશું લીનજી સા૦ જિમ જલમાં રહઈ મીનજી સા૦ ૪

શ્રી નયવિજય વિબુધ રાજઈજી સા૦ વાચક શ્રી જસવિજય ગાજઈજી સા૦
સીસ 'તત્ત્વવિજય' કવિ ભાસઈજી સા૦ જિનના ગુણ ગાયા ઉલ્લાસઈજી સા૦૫

## પાર્શ્વચન્દ્રસૂરિ કૃત સ્તવન
### (ચઉપઈ)

ભવિયણ પ્રણમઉ જિણ વીસમઉ,
તસુ ચરણે ખિણ ઈક વીસમઉ;
મુનિ સુવ્રત પ્રભુ સેવા લહી,
સાસય સુખ જિમ પામ્ય(મ?)ઉ સહી. ૧
અલંકર્યઉ હોલિઈ જિણિ વંસ,
પઉમારાણી ઉરસરિ હંસ;
સુમિત્ર નામિ નરરાય મલ્હાર,
મુનિસુવ્રત સ્વામી સુખકાર. ૨
શ્રાવણ માસ તણી પૂનિમા,
સકલ કલા પૂરઉ ચંદ્રમા;
ચવણ દિવસ એ સ્વામી તણઉ,
ત્રિભુવન માંહિ હરખ થ(ય)ઉ ઘણઉ. ૩
જેઠ અંધારી આઠમિ જમ્મ,
દિસિકુમરી કરઈ સુઈ કમ્મ;
ગર્ભિ છતઈ જણણી વ્રત ધર્યા,
તિણિ મુનિસુવ્રત નામિઈ કર્યા. ૪
અનુક્રમિ યૌવન વય પામિયા,
શત્રુ સર્વ હેલિઈ નામિયા;
કોઈ કાલ વસી ગૃહવાસ,
નાણ પ્રમાણિ ગિણિ તે પાસ. ૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છંડી ઘરણી સયલ ધન ધાન,
સ્વામી લીધી દીખ પ્રધાન;
ફાગુણ સુદિ બારસિ સુખ ઠાણ,
તતખિણ પામ્યઉ ચઉથઉં નાણ. ૬
સિદ્ધિ સૌધિ ચડિવા નીશ્રેણિ,
જિણવરિ મંડી ખિપક શ્રેણિ;
કર્મપ્રકૃતિ એકસઉ અઠતાલ,
સત્તા સત્તમિ સઉ પણયાલ. ૭
અઠમ ગુણિ પહુતા જગદીસ,
પ્રકૃતિ તિહાં ઈકસઉ અઠતીસ;
નવમઈ પ્રથમ ભાગિ એતલી,
અઠમ ગુણ ઠાણઈ જેતલી. ૮
વીસ બિ ઈક સઉ અઠ બીજઈ ભાગિ,
ત્રીજઈ ઈક-સઉ ચઉદસ માગિ;
એવં નવમઈ ઈક સઉ તિન્નિ,
સહુ ગિણઉ સઉ ઊપરિ દુન્નિ. ૯
બારમઈ દુચરમિ ઈક સઉ એક,
ચરમિ નવાણઉં તણઉ વિવેક;
પંચ અધિક અસ્સી જબ રહી,
પ્રભુ તવ આવ્યા તેરમઈ વહી. ૧૦
ફાગુણ વદિ બારસિ કેવલી,
હઉઆ જમ મન પૂગી રલી;
સત્તા પ્રકૃતિ પંચનઈ અસી,
આઉ પ્રમાણ લગી તિહ વસી. ૧૧
ચઊદમ દુચરમિ આવ્યા સ્વામિ,
બહત્તિરિ પ્રકૃતિ ખપઈ તિણિ ઠામિ;
રહી તેર તે પછિમ સમઈ,
ખપી સિદ્ધિ પહુતા તિણિ સમઈ. ૧૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઠ બહુલ નવમી જિનરાજ,
પામ્યઉ શિવનગરીનઉ રાજ;
નાણ દંસણ ક્ષાયક કેવલા,
તેહજ આતમ કેરી કલા. ૧૩
પ્રભુ! મુઝ વીનતડી અવધારિ,
ભમ્યઉ અનાદિ નિગોદ મઝારિ;
વહતઉ વહત પ્રવાહિઈ વહ્યઉ,
તિહ હઉં કાલ અનંતઉ રહ્યઉ. ૧૪
પૂર્યા ભવ ઈક સાસોસાસિ,
સાધિક સત્તર પડઈ રિપુ પાસિ;
દુઃખ તણી વાત સી કહઉં ?,
કેવલ વિણુ હઉં પાર ન લહઉં. ૧૫
આવ્યઉ પછઈ રાસિ વિવહાર,
તિહ પુણ ભમ્યઉ અનંતીવાર;
ન્યાઈ અરહટ ઘટિકા તણઈ,
પડતઈ ચડતઈ જોગિઈ ઘણઈ. ૧૬
હિવ સરણ મુનિસુવ્રત સ્વામિ,
આવ્યઉ જાઉં નહી તિણિ ઠામિ;
વજ્ર તણઉં પંજર એ લહ્યઉ,
કમ્મૅ શત્રુનઉ ભય નિગ્રહ્યઉ. ૧૭
રાગ દોસ મદ મચ્છર મોહ,
લાગા પૂઠિઇ કરિ નિત દ્રોહ;
સ્વામી ! ટાલઉ તે તેહનઉ,
તારઈ સેવક જે જેહનઉ. ૧૮
ઘણઉં કિસઉં પ્રભુ આગલિ કહઉં ?,
કરઉ તેમ જિમ શિવપુર લહઉં;
પ્રભુ સેવંતાં મંગલ કોડિ,
પ્રણમઈ 'પાસચંદ' કર જોડિ. ૧૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પદ્મવિજયજી કૃત સ્તવન
### (પીલૂ)

સુવ્રતસ્વામીના લાગુ ચરણે, પદ્માદેવી સુત અંજનવરણો;
સુમિત્ર રાયના કુલે નગીનો, રાજ્ય તજી શુભ સંયમલીનો.
જ્ઞાનના ભીના ! અરજ સુણીજે, અરજ સુણી મુજ શિવસુખ દીજે૦ ૧

ચાર મહાવ્રત ચોક્ખાં પાલે, ચારે ઘાતી કર્મને ટાળે;
પામી પંચમ જ્ઞાન નિહાળે, લોક અલોક સવિ અજુઆળે. જ્ઞાનના૦ ૨

પ્રતિ પ્રદેશમાં ગુણ અનંતા, ગુણપર્યાય ભાખ્યા અનંતા;
તેય પર્યાય સમ પર્યાયજ્ઞાન, તિણે અનંતુ કેવળજ્ઞાન. જ્ઞાનના૦ ૩

જ્ઞાનથી જાણે તેણે મુનિ હોય, શુભ વ્રત પાલને સુવ્રત જોય;
સ્યાદ્વાદ તારે નામે સમાણો, દાસને કીજે આપ સમાનો. જ્ઞાનના૦ ૪

ઈણિ પરે જિનવર ઉત્તમ કેરા, પાય 'પદ્મે' હોય ભ્રમર ભલેરા;
તે અનુભવ રસ સ્વાદ લહીને, નિજ તત્ત્વે હોય પુષ્ટ વહીને. જ્ઞાનના૦ ૫

## દેવચંદ્રજી કૃત સ્તવન
### (નમણી ખમણી નેમ ન ગમણી એ-દેશી)

દીઠો દરિશણ શ્રીપ્રભુજીનો, સાચે રાગે મનશું ભીનો;
જસુ રાગે નિરાગી થાયે, તેહની ભક્તિ કોને ન સુહાયે. ૧

પુદ્ગલ આશારાગી અનેરા, તસુ પાસે કુણ ખાયે ફેરા;
જસુ ભગતે નિરભયપદ લહિયે, તેહની સેવામાં થિર રહીએ. ૨

રાગી સેવકથી જે રાચે, બાહ્યભક્તિ દેખીને માચે;
જસુ ગુણ દાઝે તૃષ્ણા આંચે, તેહનો સુજસ ચતુર કિમ વાંચે. ૩

પૂરણ બ્રહ્મ ને પૂર્ણાનંદિ, દર્શન જ્ઞાન ચરણ રસ કંદિ;
સકલવિભાવ પ્રસંગ અફંદિ, તેહ દેવ સમરસ મકરંદિ. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહની ભક્તિથી ભવભય ભાજે, નિગુણ પિણ ગુણ શક્તિ ગાજે;
દાસભાવ પ્રભુતાને આપે, અંતરંગ કલિમળ સવિ કાપે. ૫

અધ્યાતમ સુખકારણ પૂરો, સ્વસ્વભાવ અનુભૂતિ સનૂરો;
તસુ ગુણ વળગી ચેતના કીજે, પરમમહોય શુધ્ધ લહિજે. ૬

મુનિસુવ્રત પ્રભુ પ્રભુતા લીના, આતમ સંપત્તિ ભાસના પીના;
આણારંગે ચિત્ત ધરીજે, 'દેવચંદ્ર' પદ શીધ્ર વરીજે. ૭

## ભદ્રસેન સૂરિકૃત સ્તવન
## (મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધા ચલે રે)

પ્રીત બંધાણી રે મુનિસુવ્રતજિણંદ શું, ચોલ મજીઠનો રંગ,
ભરુચ નગરે સ્વામિ ભલે બિરાજો રે, દ્યો દરિસણ મન ચંગ પ્રીત...૧

તુજ મુજ પ્રીતડી વ્રજ કડી થકી રે, બંધાણી જિનરાય,
અલખ અગોચર સ્વરૂપ તાહરુ રે, આગમ જ્ઞાને જણાય. પ્રીત...૨

શ્યામલ કાંતિ પ્રભુના દેહ તણી રે, કરે ઉજ્જવલ કાજ,
કર્મ શ્યામલતા હરી ભવ્યની રે, આપે મુક્તિનું રાજ પ્રીત...૩

લંછન કૂર્મ પ્રભુજીનું દીપતું રે, સૂચવે સહુ નરનાર,
ઈન્દ્રિય સંયમ રાખો ભવિજનોરે, જિન થાયે અઘહાર પ્રીત...૪

પૂરવ ભવ મિત્ર અશ્વને બૂઝેવ્યોરે, દીન દયાળ જિનરાય,
તિમ તુમ સ્વામિ અમને તારજો રે, નાવ ન દરિયે ડૂબાય પ્રીત...૫

પ્રભુજીની વાણી સુણો ગુણભરી રે, ઉતારે મોહનુ ઝેર,
ભાવ વિશુદ્ધિ હોવે સુણી ઘણી રે, ઉપશમે જાતિના વેર પ્રીત...૬

પદ્માનંદન જગતનો સાહિબોરે, ધ્યાન ધરું નિશદિશ,
ૐ હ્રીં શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ, જાપ જપું જગદીશ પ્રીત...૭

તાત સુમિત્ર નો પુત્ર મિત્ર સમો રે, કાપે દુઃખ જંજાલ,
નેમિ-સૂર્યોદય ભદ્ર પરિણામથી રે, સેવે જિનદયાલ પ્રીત...૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચૈત્યવંદન કરતી વખતે બોલવાની મુનિસુવ્રતસ્વામી ભગવાનની થોયો

## જ્ઞાનવિમલસૂરિ કૃત થોય

મુનિસુવ્રત સ્વામી, હું નમું શીશ નામી,
મુજ અંતરયામી, કામદાતા અકામી;
દુઃખ દોહગ વામી, પુણ્યથી સેવ પામી,
શમ્યા સર્વદા રામી, રાજ્યતા પૂર્ણ પામી. ॥૧॥

## પદ્મવિજયજી કૃત થોય
## (રાગ - આદિ જિનવર રાયા)

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે. ॥૧॥

## નંદસૂરિ કૃત થોય

વગતિ કલિ કુરંગા, પામિઆ પુન્ય તુંગા,
નવલ ગવિલ જંગા, દુઃખ દોષ દુરંગા;
જબ હુઆ જિન સંગા, સુવ્રત સામિ ચંગા,
કરી તરલ તુરંગા, આલસુમાંહે ગંગા. ॥૧॥

મુનિસુવ્રત મહિમા, કહેતાં ન આવે પાર,
હરિવંશ વિભૂષણ, નિર્દૂષણ સુખકાર;
જગમાંહી જેહને, નહીં કો મિત્ર અમિત્ર,
જેહ મિત્ર ભુવનનો, જેહનો તાત સુમિત્ર. ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ''મુનિસુવ્રતસ્વામી ભગવાનની થોયનો જોડો''

### (રાગ - શાંતિજિન સમરીએ જેહની અચિરા માય)

મુનિસુવ્રતજિન માહરા, હરિવંશ અવતારી,
રાજગૃહી નગરી વસ્યા, સુમિત્ર નૃપ કુલધારી;
શ્રાવણ સુદ પુનિમ તિથે, પદ્માવતી ઉરે આયા,
સુપન ચઉદ સુહામણાં, જેઠ વદિ આઠમે જાયા. ૧

છપ્પનકુમરીએ છેલથી, લાડે કોડે લડાયા,
ચોસઠ ઈન્દ્રાસન ચલ્યા, મેરૂ મહોત્સવ મંડાયા;
તીર્થંકર ત્રિભુવન તિલો, સયંબુદ્ધ સ્વશિક્ષા,
ફાલ્ગુન સુદ દશમી દિને, ચઉજ્ઞાને ગૃહી દીક્ષા, ૨

કેવલ ફાલ્ગુન વદ બારસે, રત્ન ત્રિગડો રૂપાલો,
દેવાદિક દુંદુભિ દીયે, સેવિત ઈન્દ્ર ભૂપાલો;
પરખદા બારે પૂરીને, વાણી પાંત્રીશ વરખે,
બોધ દીક્ષા વ્રત અંત જે, શિવરમણી સુખ હરખે. ૩

આયુ સહસ વર્ષ ત્રીશનો, શ્યામવરણ સોહાયા;
જેઠ અંધારી નવમીયે, સિદ્ધ સમેતગિરિ પાયા,
વરૂણ યક્ષ દેવી દત્ત દીયે, શાસન સુપસાયા,
પંડિત રત્ન કવિરાયનો, વનીતે વીશમા જિન ગાયા. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મેઘવિજયજી રચિત
## શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની થોયનો જોડો
### (રાગ- શ્રી શત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ)

શ્રીજિનમુનિસુવ્રત તીવ્ર કિરણ જવલંત,
જસ દરશન દેખી ભવિક્કમલ વિકસંત;
સુવ્રત મુનિચકવા ચિત્ત આણઈ આણંદ,
સમકિત દિન પ્રગટઈ ઘટઈ કુમતતમવૃંદ. ૧

અવતરણ જમ્મણ દિક્ખા નાણ નિવ્વાણ,
કલ્યાણક પાંચે જસ જસ કારણ જાણ;
હુઆ વલી હોસ્યઈ વર્તમાન જિન જેહ,
વાંદિજઈ દિન દિન દોલતિદાયક તેહ. ૨

જિનવર જે ભાખીઈ અર્થ વિચાર અનંત,
અંગાદિક ગૂંથઈ ગણધર સૂત્ર મહંત;
દિનકર પરિ દીપઈ છીપઈ કુમત અંધાર,
ભગતઈ કરી ભણીઈ શિવપુર દાર ઉદાર. ૩

ચક્કેસરી પમુહા જે જિનશાસન દેવી,
મહારિદ્ધિ મહાસુખ સુર પરિવારઇ સેવી;
સંઘ વિઘન નિવારઈ મહીયલ મંગલકાર,
કવિ 'મેઘવિજય' કહઈ સમરો વારંવાર. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કારેલીબાગ (વડોદરા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ક્ષેમકુશલમુનિ રચિત
## શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવાનની થોયનો જોડો
### (રાગ-મનોહર મૂરતિ મહાવીરતણી)

રાજગૃહિનયરી સુમિત્રરાય, પદ્માદેવીકૂખિ અતિ સોહાય;
મુનિસુવ્રત કૂર્મલંછન ધરૂ, કહઈ વિજયસેનસૂરિગુરૂ. ૧

દો ધવલા દોઅ રત્તડા, દોઈ મેઘ સમા દોઈ નીલડા;
જિન સોલઈ સોવનગિરિ સમાન, કહઈ હીરવિજયસૂરિ યુગપ્રધાન. ૨

સત્તરિ સઉ જિનવર જાણીઈ, ઉત્કૃષ્ટઈ કાલિ વખાણીઈ;
જિનવચનિ વીસઈ વિહરમાન, કહઈ વિજયસેનસૂરિ પ્રધાન. ૩

જક્ખ જક્ખણી શાસનશ્રુતધરા, જય ચઉવિહસંઘ સાંનિધિકરા;
ભણઈ હીરવિજયસૂરિ ગણધરા, જય 'ક્ષેમકુશલ' મુનિ સુખકરા. ૪

## કીર્તિવિમલવિજયજી રચિત
## મુનિસુવ્રતસ્વામી ભગવાનની થોયનો જોડો
### (રાગ- શ્રીશત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ)

બહુ ભગતિ પ્રણમું મુનિસુવ્રતના પાય,
અષ્ટાદશ ગણધર ત્રીશસહસ મુનિરાય;
સુખ સંપદકારી પદ્મામાત મલ્હાર,
ગુણસાગર સામી આપઈ શિવસુખસાર. ૧

વિદ્રુમ કુંદ સરીખા દો દો જિન અભિરામ,
મરકત ઘન સરીખા દો દો જિન ગુણધામ;
તિમ સોલસ સોહઈ કંચન સમ જગદીશ,
એ શાસનનાયક વંદિઉ જિન ચઉવીશ. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરવર વિદ્યાધર કિન્નર દેવ વખાણી,
નિરમલ ઉપશમરસ ગુણરયણની ખાણી;

નાનાવિધ દેશના ઉપના ભવિયણપ્રાણી,
સમજઈ ચિતિ આણી આજ્ઞામૂલ જિનવાણી. ૩

જિનશાસનમાંહિ સઘલઈ જે વિખ્યાત,
મનવંછિત પૂરઈ સંઘતણા દિનરાત;

તિમ સેવકજનની પૂરઈ સકલ જગીશ,
જિનશાસનદેવી વિઘન હરો નિશદિશ. ૪

## વિજયદાનસૂરિ રચિત
## શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનની થોયનો જોડો

અહો અહો ગોયમ સમ અવતર્યઉ, હીરવિજયસૂરિ સમતારસ ભર્યઉ;
મુનિસુવ્રત આરાધન વિધ કહઈ, ભવિકજન સદહી સુખ બહુ લહઈ. ૧

ભરતાદિક દશ ખેત્રે ત્રિકાલના, સગ સઈવીશ સદા પ્રણમું જિના;
વિજયદાનસૂરીંદિ વખાણીયા, તેહતણા ગુણમઈ મનિ આણીયા. ૨

વિજયદાનસૂરિ આગમ કહઈ, હીરવિજય પ્રમુખ સહુ સદહઈ;
જિનતણા અવદાત જહાં પામીઈ, ઈસા શ્રુતનઈ નિતુ શિરનામીઈ. ૩

'વિજયદાનસૂરીશ્વર' સુંદરૂ, હીરવિજયસૂરિ પાટી પટોધરૂ;
એહનઉ ચઉવિહ સંઘ જે જિન તવઈ, શ્રુતદેવી તસ વાંછિત પૂરવઈ. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કલ્યાણસાગરસૂરિ રચિત
## શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનની થોયનો જોડો

સુવ્રત શ્રીમુનિસુવ્રત ધારકં, પ્રણમું પ્રેમે ભવિજન તારકં;
અકલકલા દીસે પ્રભુ તાહરી, રાગરહિત શિવનારી તેં વરી ?. ૧

શ્રીઋષભાદિક જિનવર જે થયા, પાતિકપંક ધોઈ નિરમલ ભયા;
ચઉદરાજ અલગા જઈને વસ્યા, ધ્યાનગુણે મનમંદિર ઉલ્લસ્યા ?. ૨

અરથથકી અરિહંતે ભાખીયા, સૂત્રથકી ગણધરમુનિ દાખીયા;
આગમ પિસ્તાલીશ સોહામણાં, સાંભલતાં લીજે તસ ભામણાં ?. ૩

કટિ તટિ મેખલ ખસકે ઘૂઘરી, રમઝમ કરતી ચરણે નુપૂરી;
રૂપે સુંદર શાસનની સુરી, 'શ્રીકલ્યાણસાગરસૂરિ' જય કરી ?. ૪

## વીરવિજયજી કૃત થોય
## (રાગ - પાસ જિણંદા વામાનંદા૦)

સુવ્રત સ્વામી આતમરામી, પૂજો ભવિ મન રૂળી,
જિનગુણ થુણીએ પાતક હણીએ, ભાવસ્તવ સાંકળી;
વચને રહીએ જૂઠ ન કહીએ, ટળે ફળ વંચકો,
'વીર' જિણુપાસી સુરી નરદત્તા, વરૂણ જિનાર્ચકો.

( આ સ્તુતિ ચાર વખત બોલી શકાય. )



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# मुनिसुव्रतजिनस्तुतयः

अश्वावबोधप्रभवं शकुन्ति - विहारसारं जयति प्रतीतम्।
तीर्थं जिनं यन्मुनिसुव्रतस्य विहारसा रञ्जयति प्रतीतम् ॥१॥

उत्सृज्य राज्यं श्रितसंयमाय, निरन्तरायाऽसमरागमाय !।
नमोस्तु ते सुव्रत ! सत्तमाय, निरन्तरायाऽसमराऽऽगमाय ॥१॥

श्रये त्वां शरणं दोषाऽ-जित ! पद्मातनूद्भव !।
श्रीसुव्रत ! जगज्जैत्र - जितपद्मातनूद्भव ! ॥१॥

भगवता भवभीमतरङ्गिणी - प्रणयिनस्तटमप्यतिदुस्तरम्।
स मुनिसुव्रत ! सद्व्रतमङ्गिनां वितर सातरसारुहवारिद ! ॥१॥

स कलहंस इवामलपक्षभाक्, श्रयतु हृत्कमलं मम सुव्रतः।
मतिरमोहि न यस्य दमाऽऽदरो - त्सवलयाऽवलया वलयाऽऽद्वयया ॥१॥

अभिनवोऽभिनवो मुनितीर्थकृत् - हिमकरोऽमकरोदयनिर्गतः।
समुदितो मुदितोदितमङ्गिनं, प्रकुरुतां कुरुताऽम्बुहृदन्वहम् ॥१॥

घनरसोघघनाघतभूघनां, ककमठाकमठाकमठाकृति।
त्वदुपचारपरा नरपुङ्गवाः, सुविलसन्ति सुराक्षरसम्पदा ॥१॥

नभश्यामः श्यामच्छविमविरतं सुव्रतविभुं
भवव्याधिग्रस्तं त्रिजगदगदंकारचरितम्।
क्षमाधारी स्फारीकृतरतिरिव श्रायससुखे
सिषेवे यं कूर्माधिपतिरतिगुप्तेन्द्रियगणः ॥१॥

विगणितभवकारं ध्वस्तमोहान्धकारं,
कविपिकसहकारं सर्वसम्पत्तिकारम्।
कृतमदननिकारं सुव्रतं निर्विकारं,
हृदि धर भविकाऽरं कृत्तकर्मप्रकारम् ॥१॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मध्याह्नाऽम्बररत्नबिम्बकलितं व्योमेव वक्षस्थलं,
श्रीवत्साऽङ्कितमध्यभागसुभगं बभ्राज यस्य प्रभोः ।
येनाऽश्वप्रतिबोधतः स्वकरुणाकीर्त्या मताऽलङ्कृता,
देवेशः स ददातु मे जिनपतिः श्रीसुव्रतः सुव्रतम् ॥१॥

जज्ञे भावितमानसा दृढरतिर्यत्राऽवतीर्णे यमः -
श्रीमत्सुव्रतमालया परमया पद्मासवित्री शमे ।
वृद्धिं तस्य मतं श्रितस्य भवतः कल्याणवल्ली समं,
श्रीमत्सुव्रत ! माऽऽलयाऽऽप रमया पद्मासवित्रीश ! मे ॥१॥

कूर्मोऽहं त्वमिव क्षमाभरधरो गुप्तेन्द्रियोऽप्यन्वह,
तिर्यग्दुर्गतिदुःखदुर्गतहृदस्मीशेति शं मे चिनु ।
